
Ekatra FOUNDATION

વર્ષ ૫ । અંક ૨૮ । ફેબ્રુઆરી ૨૦૧૮



# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન

અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013

**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org

- **મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા**
- **ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ**
- **લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની**

અમારી વેબસાઈટ:

**www.ekatrafoundation.org**

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન'નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી ‘સંચયન' સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક ‘સંચયન' દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન' માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન'માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો - ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અનુક્રમ

## સંચયન ૨૮ – ફેબ્રુઆરી ૨૦૧૮


| | | |
|---|---|---|
| ૧. સંપાદકનું કથન...... | રમણ સોની | |
| ૨. કવિતા...... | કાવ્યગુચ્છ...... | નિરંજન ભગત |
| ૩. વાર્તા....... | વીલ...... | ભાનુપ્રસાદ ત્રિવેદી |
| ૪. કવિતા...... | ઘર ભણી...... | શંભુપ્રસાદ જોશી |
| ૫. નિબંધ...... | ઇંગ્લીશ હ્યુમર, રમૂજવૃત્તિ...... | દિગીશ મહેતા |
| ૬. કવિતા...... | ટગલી ડાળ...... | યોગેશ જોષી |
| ૭. નવલ-ખંડ...... | નિ:સંગ સમ્રાટ...સુનીલ ગંગોપાધ્યાય... | અનુ. પ્રીતિ સેનગુપ્તા |
| ૮. લેખ...... | તાંત્રિકો..અને તંત્રીઓ હવે–...... | હસમુખ ગાંધી |
| ૯. કવિતા...... | ઘટમાં ઝાલર બાજે...... | ઉજમશી પરમાર |
| ૧૦. રેખાચિત્ર...... | શહેરની શેરી...... | જયંતિ દલાલ |
| ૧૧. કવિતા...... | ઝૂક્યું હતું...... | હર્ષ બ્રહ્મભટ્ટ |
| એકત્ર – વૃત્ત...... | | |

# સંપાદકનું કથન



**મિત્રો,**

કોઈપણ કવિ કે કળાકાર વિદાય પામે છે ત્યારે એનો સમગ્ર સર્જકપથ આપણી આંખો સામે, આપણા સ્મરણપટ પર જીવતો થાયછે.

આ માસના આરંભે, ૧.૨.૨૦૧૮ની નમેલી સાંજે, વસંતની મંજરીની સુગંધની સાખે કવિ નિરંજન ભગતનું શરીર વિલય પામ્યું. તરત યાદ આવી ગઈ એમની છેક આરંભની, એમની ૧૬-૧૭ની વયે પ્રગટેલી કાવ્યકૃતિની આરંભની આ પંક્તિઓ –

છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની!
દિશાઓ મૂકીને મન ખિલખિલાટે મલકતી,
વનોની મસ્તાની મઘમઘ પરાગે  છલકતી,
વસંતે જાગી રૂહે સકલ કલી જ્યારે રસભીની...

o

નિરંજન ભગત એટલે ગુજરાતી કવિતાનો એક વિલક્ષણ, ધ્યાનાકર્ષક અવાજ. અનુ-ગાંધીયુગની રંગદર્શી છટા અને આધુનિકકાળનો વિદ્રોહી સૂર – એમની કવિતાની ઉભયાન્વયી ઓળખ છે. કવિ કાન્તની યાદ અપાવે એવું છંદ-લય-પ્રાસનું નકશીકામ અને ગીતની મોહક સૂરાવલી એમના પહેલા જ કાવ્યસંગ્રહ ‘છંદોલય’(૧૯૪૯)ની મુદ્રા. એ મુદ્રાએ એમને પૂર્વ-સમકાલીન કવિ રાજેન્દ્ર શાહ સાથે જોડ્યા અને ગુજરાતી કવિતાના ઇતિહાસમાં ‘રાજેન્દ્ર-નિરંજન યુગ જનમ્યો.

એમના પાંચે કાવ્યસંગ્રહો (‘છંદોલય, કિન્નરી, અલ્પવિરામ, પ્રવાલદ્વીપ, ૩૩ કાવ્યો’)માં એક તરફ ઉપર કહી એવી પ્રીતિ-સ્પૃહા છે; બીજી તરફ પ્રેમની વિતથતા છે :

‘રે પ્રીત, ભર્તૃહરિના ફલમાં તું મૂર્ત,
હા ધિક્ તને છલમયી, છટ, હા તું ધૂર્ત.

(જુઓ, કવિ ભર્તૃહરિનો ઉદ્ગાર : ધિક્ ત્વમ્ ચ ત્વામ્ ચ મદનમ્ ચ ઇમામ્ ચ મામ્ ચ.)

તો ત્રીજી તરફ, વિ-રૂપ થતી નગરસંસ્કૃતિ સામેનો વિડંબનાભર્યો – પણ રોષ અને વેદનાવાળો, કંઈક love and hate સરખો – ઉગ્ર અવાજ છે. :

અરણ્ય, જન જ્યાં અસંખ્ય પશુ હિંસ્ર શાં ઘૂમતાં

xxx

નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની

xxx

અરણ્ય? છલ આ! રહસ્ય? ભ્રમણે અટૂલો ચડ્યો

પુરંદર સ્વયં અહીં નહીં શું હોય ભૂલો પડ્યો?


o

અદ્યતનતાનો સંકેત કરતી આ કવિતાની સાથે સાથે નિરંજન ભગતમાંના ઉત્તમ વિદ્વાનનો પરિચય પણ ગુજરાતને થતો જાય છે : પ્રાચીન-અર્વાચીન યુરપના ને અમેરિકાના સાહિત્યના – અને અલબત્ત ગુજરાતી સાહિત્યના – સઘન પરિશીલનમાંથી, અંગ્રેજી સાહિત્યના આ અભ્યાસી અધ્યાપક પાસેથી ‘સ્વાધ્યાયલોક’ના ૮ ગ્રંથો મળે છે તેમજ એમની વ્યાપક ને તેજસ્વી વિચારશીલતાને પ્રગટાવતું ‘યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા’ નામનું મહત્ત્વનું પુસ્તક મળે છે.

એ દરમ્યાન કવિતાને એક લાંબો વિરામ મળે છે(છેક પાછલી વયે એમની પાસેથી થોડીક ક્ષીણ-સરળ રચનાઓ મળે છે, એ જ.) ને આ વિદગ્ધ કવિવિવેચક ગુજરાતી સાહિત્ય-જગતમાં ‘ભગતસાહેબના આદરણીય નામે ઓળખાવા લાગે છે. એમનાં લખાણો ઉપરાંત એમનાં ઉદ્રેકશીલ પણ વિચારણીય ચર્ચા-સંવાદો અને વક્તવ્યો પ્રભાવક બને છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ભગતસાહેબ ગુજરાતી સાહિત્ય અને વિદ્યાજગતના પથદર્શક વિચારક હતા. ‘ઉત્તમ અંગ્રેજી, માધ્યમ ગુજરાતી’ એ એમણે આપેલું સૂત્ર યાદગાર બનેલું.

એ ચેતનવંત ને શક્તિમંત અવાજ હવે ભૌતિક રીતે વિરમી ગયો છે પણ આપણા સ્મરણમાં વર્ષો સુધી એના ઉદ્‌ઘોષ શમશે નહીં.

કવિ નિરંજન ભગતને હવે એમના કાવ્યકૃતિ-ગુચ્છ દ્વારા સ્નેહાંજલિ આપીએ...



* નજીકના સમયમાં અવસાન પામેલા ગુજરાતી સર્જકો – શંભુપ્રસાદ જોશી, જલન માતરી, ઊજમશી પરમાર, સુભાષ શાહને પણ સ્નેહાંજલિ

# // નિરંજન ભગત



## વિદાય

વિદાય, પ્રિય કલ્પના, અવ વિદાય દેવી, સખી!

અકેલ મનમ્હેલને શયન કૈંક રાતો રહી,

મને સકલ સંગનાં સ્વપનની જ વાતો કહી;

પરંતુ પ્રિય, અંતમાં તવ વિદાય લેવી લખી!

વિદાય, પ્રિય, શેષ આ મિલનરાત રે કલ્પના!

અહીં પલકવાર રૂહે નજરબ્હાર ચાલી જશે,

છતાંય મન વેદનામુખર થૈ ન ખાલી થશે,

હશે નયનમાં ન નીર, નહિ હોઠપે જલ્પના!

હવે ક્ષિતિજપાર કો અવર ઝૂલણે ઝૂલજે,

અહીં સ્મરણમાં ન એક પણ ગીત મૂકી જજે,

અબોલ મુજ અંતરે સફળ પ્રીત મૂકી જજે,

મને ક્ષણિક સંગના પથિકને હવે ભૂલજે!

વિદાય વિપ્ર, જા! તને મનકથાય ક્હેવી નહીં,


હવે ગહન મૌનમાં મનવ્યથા જ સ્હેવી રહી!

*[૧૯૪૮; ‘છંદોલય’, ૧૯૪૯]*

## રે પ્રીત

રે પ્રીત, તું તો સુરલોકની સુધા,
મેં એમ માની તવ એક બિન્દુ
પીધું, થઈ તૃપ્તિ ન, કિન્તુ રે ક્ષુધા
જાગી, જલ્યો કો વડવાગ્નિ સિન્ધુ!

રે પ્રીત, તું તો વનરમ્યકુંજ,
મેં એમ માની કીધ જ્યાં પ્રવેશ,
રે ત્યાં દીઠો ચોગમ ભસ્મપુંજ,
એ રાખથી તો મુજ મ્લાન વેશ!




રે પ્રીત, તું પુષ્પિત કો વસંત,
માની લઈ હું તવ સ્પર્શ માગી
આવ્યો કશી આશભર્યો હસંત
ત્યાં ઝાળ શી પાનખરોની લાગી!

રે પ્રીત, તું જીવન દિવ્ય દેશે
માની લઈ મેં તવ પાસ મેલી
સૌ વાસનાને, પણ મૃત્યુવેશે
તેં તો અહો, શી અળગી ધકેલી!

રે પ્રીત, ભર્તૃહરિના ફલમાં તું મૂર્ત!
રે ધિક્ તને, છલમયી! છટ, હા, તું ધૂર્ત!

*[૧૯૪૬; ‘છંદોલય’, ૧૯૪૯]*

## આશ્લેષમાં

હે મૃત્યુ મારી પ્રેયસીના વેષમાં
તું આવ, તો ધારું તનેયે એ જ આ આશ્લેષમાં.

*[૧૯૪૮; ‘છંદોલય’, ૧૯૪૯]*

## હરી ગયો

હરિવર મુજને હરી ગયો!
મેં તો વ્હાલ કીધું ન્હોતું ને તોયે મુજને વરી ગયો!

અબુધ અંતરની હું નારી,
હું શું જાણું પ્રીતિ!
હું શું જાણું કામણગારી
મુજ હૈયે છે ગીતિ!
એ તો મુજ કંઠે નિજ કરથી વરમાળા રે ધરી ગયો!

સપનામાંય જે ના દીઠું
એ જાગીને જોવું!
આ તે સુખ છે કે દુ:ખ મીઠું?
રે હસવું કે રોવું?
ના સમજું તોયે સ્હેવાતું એવું કંઈ એ કરી ગયો!
હરિવર મુજને હરી ગયો!

*[૧૯૪૮;‘છંદોલય’, ૧૯૪૯]*

## કરોળિયો

નર્યો મલિન, હૃષ્ટપુષ્ટ, શત ડાઘ, ભૂંડો ભખ;
સરે લસરતો, તરે શું પવનાબ્ધિ ઑક્ટોપસ;
કુરૂપ નિજ કાય આ પલટવા કયો પારસ?
અને નીરખવા યથાવત ચહે છે કોનાં ચખ?

છતાં મૃદુલ, સ્નિગ્ધ ને રજતવર્ણ કૈં તારથી
ગ્રથે સુદૃઢ જાળ, દેહ નિજથી જ, નિત્યે નવી;
કલાકૃતિ રચે શું ક્લાસિકલ સંયમી કો કવિ,
દબાય નહિ જે જરીય નિજ દેહના ભારથી.

અલિપ્ત અળગો રહે, અતિથિ અન્ય કો સૃષ્ટિથી;
જણાય જડ, સુસ્ત, સ્વસ્થ, અતિ શાંત, કેવો છળે!
સુગંધભર જાળને કુસુમ માનતી જે ઢળે
ન એક પણ મક્ષિકા છટકતી છૂપી દૃષ્ટિથી;

મુરાદ મનની : (નથી નજર માત્ર પૃથ્વી ભણી)
કદીક પકડાય જો નભઘૂમંત તારાકણી.

['અલ્પવિરામ', ૧૯૫૪]

## તડકો

તગતગતો આ તડકો
ચારેકોર જુઓને કેવી ચગદઈ ગઈ છે સડકો!

કહો, ચરણ ક્યાં ચાલે? એણે એક ન રાખ્યો રસ્તો,
ઘણું હલાવા હવા મથે પણ તસુય તે ના ખસતો,
અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ શો તસતસતો
સાવ અડીખમ પડ્યો, કશેયે જરીક તો કોઈ અડકો!

જિદ્દીજનનું મન પણ જેની પાસે લાગે હળવું,
વૈદેહીના ધનુષ્યને પણ રામ કને તો ચળવું,
ગિરિ ગોવર્ધનનેયે ટચલી આંગળી ઉપર ઢળવું,
પણ આને ઓગાળી દેવા કોણ મેલશે ભડકો?

*['અલ્પવિરામ', ૧૯૫૪]*

## 'પાત્રો'

### –આંધળો

કે શું હજુ હું ગર્ભમાંથી નીકળ્યો ના બ્હાર
તે મારા જનમને કેટલી છે વાર?
કે શું ઝાળ પણ જંપી ગઈ છે ચેહમાં
તે હું હવે વસતો નથી મુજ દેહમાં?
કે કંઈક એની આંખથી આ આંખમાં છે ભૂલથી જોવાઈ ગયું?
જેથી અચાનક આમ મારું તેજ બસ ખોવાઈ ગયું.
મેં આ જગતની કેટલી કીર્તિ સુણી'તી સ્વર્ગમાં
તે આવવાની લાયમાં ને લાયમાં
હું કીકીઓ ભૂલી ગયો ત્યાં કલ્પદ્રુમની છાંયમાં!

ત્યારે જગતનું રૂપ જોવાનું મને કેવું હતું સપનું!
હવે ચશ્મું થવા ચાહે સળગતો આ સૂરજ રે તોય શા ખપનું?
ઊંચે માથું ઉઠાવી આભ સામે પણ હવે ધરવું નથી,
આ એકમાંથી એ બીજા અંધારમાં સરવું નથી,
ને કોણ ક્હે છે ચન્દ્રસૂરજતારલા એ સૌ જલે?
એ તો પલક અંધારનું હૈયું હલે!
મેં તો જોઈ લીધો છે જગતનો સાર
કે અહીં તેજની ભીતર વસ્યો અંધાર.
હું તો નીંદમાં ચાલી રહ્યો, ફિલસૂફ છું, એવું કશુંક ક્હેશો નહીં;
તો આંધળો છું એમ કહીને આંધળા ર્‌હેશો નહીં!

*['પ્રવાલદ્વીપ',૧૯૪૬-૧૯૫૬-માંથી]*

## ફરવા આવ્યો છું

હું તો બસ ફરવા આવ્યો છું!
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?

અહીં પથ પર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા!
– રે ચહું ન પાછો ઘેર જવા!
હું ડગ સાત સુખે ભરવા, અહીં સ્વપ્નમહીં સરવા આવ્યો છું!

જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બે ચાર ઘડી
ને ગાઈ શકું બે ચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું!
હું તો બસ ફરવા આવ્યો છું!

*[૧૯૫૭; '૩૩ કાવ્યો',૧૯૫૮]*

વાર્તા

# વીલ

## // ભાનુપ્રસાદ ત્રિવેદી

સ્ટેશને ઊતરીશું એટલે રવજી ઘોડાગાડીવાળો બે ઘડી તાકી રહેશે : ‘અરે! ધનુભૈ સાહેબ તો નહિ?’

‘ભલો ઓળખી કાઢ્યો!’ કહેતાં હું એના ખભે હાથ મૂકીશ.

‘તમે તે કાંઈ ભૂલી જવાઓ એવા છો સાહેબ? હા, પણ ફેર બહુ પડી ગયો છે, હાં? અહીં હતા ત્યારે તો છોકરા જેવડા લાગતા હતા! યાદ છે? પેલા ભૂદરકાકાએ તમને વૉલીબૉલ રમતા જોતાં કહેલું : કિયા ગૉમનો વિદ્યાર્થી છે એ? નાપાસ થૈને આયો લાગે છે! નકર આવડો હોય? એકલો રમ્બામાં જ હૂંશિયાર છે! ભણવામાં ડોળો નથી!’

એ ખડખડાટ હસશે. હુંય થોડું હસીશ.

‘સાડત્રીસ વર્ષ થઈ ગયાં રવજી! એવડા ને એવડા તે ક્યાંથી રહેતા હોઈશું? તુંય જો ને! ઓળખાય એવો જ નથી રહ્યો! સાવ ડોસો થઈ ગયો છે!’

ક્ષણભર મૂંગો થઈ જઈ રવજી દાઢી પર હાથ પસવારતાં વિચારમાં પડી જશે. પછી માથું ત્રાંસું નીચું નમાવી બોલશે : ‘ખરું છે સાહેબ! વખતને જતાં કાંઈ વાર લાગે છે?’ પછી એકાએક ઊંચું જોઈ મારી સામે નજર કરતાં કહેશે : ‘તમારા ગ્યા પછી તો નિશાળનું નખ્ખોદ વળી ગ્યું છે, હાં સાહેબ? આખું ગામ એકીમૂઢે બોલે છે કે એક ધનુભૈ સાહેબ આયા’તા કે આવશે! બીજા ધનુભૈ તો હૉ વરષેય પાકે ઈમ નથી!’

ગામ છોડ્યા પછી ચારેક વર્ષે હું ત્યાં ગયેલો ત્યારે રવજીએ આવું જ કહેલું...

ઘોડાગાડી ગામમાં પ્રવેશશે ત્યારે રસ્તામાં જે સામે મળશે તે –

સામે મળનારા મને ઓળખતા હશે? મારા વિદ્યાર્થીઓય હવે તો દાદા બની ગયા હશે કે બનવાની તૈયારીમાં હશે.... અને એમના વાલીઓમાંથી કેટલા હયાત હશે – કોને ખબર?

મારા વખતનો સ્ટાફ તો વર્ષો પહેલાં બદલાઈ ચૂક્યો હતો...

ને મૅનેજમેન્ટ પણ એનીએ ક્યાંથી હશે? ... રાજીનામું મંજૂર જ ક્યાં કરતા હતા? એમના ચહેરા કેવા વ્યગ્ર બની ગયા હતા! 'બીજે જવું હોય તો આ નિશાળને તાળું મારીને જાઓ!...'

મારી ધગશનો, મારા ઉત્સાહનો ગુણગ્રાહી પ્રતિભાવ આપનારા, અનેકવિધ પ્રવૃત્તિઓથી શાળાને ધમધમતી રાખવામાં મોકળા મને સાથ-સહકાર આપનારા બધા ઘરડા થઈ જઈ બંધિયાર બની ગયા હશે... કોણ ઓળખશે મને?

ખુદ રવજી જ ઘોડાગાડી ચલાવતો હશે કે નિવૃત્ત થઈ ગયો હશે એ —

અરે પણ હવે ઘોડાગાડીઓ શેની? રિક્ષાઓ નહીં ચાલતી હોય? કાં તો બસ રૂટો શરૂ થઈ ગયા હશે. ... ...

વાછ્લ ગામ જવા માટે ટ્રેનની મુસાફરીમાં કેટલો બધો સમય વેડફાશે! બહુ કંટાળો આવશે! જોકે ત્યારે નહોતો આવતો, ઊલટી મજા પડતી હતી! કલોલનો ચેવડો... ને ડાંગરવાનાં ખારેકી બોર... ને જગુદણથી તળેલી દાળ... ને વચ્ચે ક્યાંક લીલાંછમ દાતણની ઝૂડીઓ... ને ડબ્બામાં રોજિંદા જામફળ વેચનારા, હરાજીવાળા, નુકસાની દાઢ સિફતથી ખેંચી કાઢનારા, કાજલની ડબ્બીવાળા – કાજલ તો અમે એની પાસેથી જ લેતા! વિવિધ પ્રકારના માણસોનો એ મેળો... બહાર ખેતરમાં સારસની જોડ.... કેટલો રોમાંચ હતો!

વાછ્લની સાથે ભવાસણનું પતી જાય તો આની આ દિશામાં ફરીથી ધક્કો ખાવો ન પડે. પેન્શનનું આ ટેન્શન ક્યારનું શરૂ થયું છે! બાર મહિના પહેલાંથી પેન્શન-પેપર્સ તૈયાર થઈ ગયાં હતાં છતાં હજી કંઈનું કંઈ નીકળ્યા કરે છે. ધક્કા ખાવા ન પડે – એ બધાં ગામોના, જ્યાં પહેલાં સર્વિસ કરેલી – એ માટે તો મેં અગાઉથી ચેતીને ટપાલ દ્વારા બધાં ફોર્મ ભરાવડાવી દીધાં હતાં.... હવે ઑફિસવાળા કહે છે કે તમારી પહેલી અને બીજી સ્કૂલની એન્ટ્રીઓમાં રહેલી ક્ષતિઓ દુરસ્ત કરાવી આવો એટલે ઑર્ડર પાસ કરી દઈએ ને એ જ અઠવાડિયામાં તમારો ચેક આપી દઈએ! ચેક મળી જાય તો સીધો દસ્તાવેજ જ ના કરાવી લઉં તે તરત મકાનનો કબજો લઈ શકાય? બહાના-ખતનીય શી જરૂર?

રેલવે સ્ટેશને... એના કરતાં ગીતામંદિર એસ.ટી. મથકે જઈ તપાસ કરું! જો ઝડપથી વાછ્લ લઈ જાય એવી બસ હોય તો?... .... .... હેં? છે બસ? અમદાવાદ-મેઢાવી જતી બસ વાછ્લ થઈને જશે? ઊભી જ હશે સ્ટેન્ડે? અરે વાહ!

હા...શ! નસીબ સુધર્યું લાગે છે! આજે ને આજે વાછ્લ ને ભવાસણ બેય પતી જશે! ટ્રેનમાં જવું પડ્યું હોત તો આખો દિવસ લાગત. ને કાંઈ સાધન બાધન ના મળ્યું તો રેતીના દડમાં પૅદલ ચાલતાં... ચાલતાં....

પણ સ્ટેશન પર કેટલો મોટો જમેલો જામતો! મેળા જેવું લાગે! કેટલાય ઓળખીતાઓ મળે. સ્ટેશન માસ્તર પણ ઓળખે!

ને વાછલ આવતાં અમે બે દેખાઈએ એટલે રવજી : ‘ચાલો, બેસી જાઓ સાહેબ, બેસી જાઓ બહેન!’ કરતોક ને હાથમાંની બૅગ-થેલીઓ લગભગ આંચકી લઈ એની ઘોડાગાડીમાં ગોઠવી દે! કરકસર ખાતર ને રસ્તામાં રમત-મસ્તી કરતાં કરતાં જવા ખાતર અમે ચાલવાં જવા માગતાં હોઈએ પણ રવજી એમ જવા શેને દે? જોકે સ્ટેશન માસ્તર સાથે થોડા તડાકા મારીને ઇરાદાપૂર્વક લેઇટ પડીએ તો રવજી નજર ચૂકી જાય ને અમે હિલોળા લેતાં લેતાં વાછલની વાટે રસળવા માંડીએ! બાકી ઘોડાગાડીનીય ઑર મજા હતી! ખમ્ છમ્ ખમ્ છમ્, ખમ્મક છમ્મક ગતિ સાથે સીમ દોડતી ઘડીકમાં ઠૂમકા લેતી, ઘડીકમાં મદીલી ચાલે સરકતી જતી હોય... હું એકલો હોઉં ને ચાલતો જતો હોઉં તો બબ્બે-ચાર ચારનાં બીજાં કેટલાંય ગ્રુપ્સ જતાં હોય એમાંથી એકાદની કંપની મળી જાય.

પગને ગજગતિ આપતી રેતીના દડ... અને ઘોડાની છટા આપતું રણકું... સુખડીની કથરોટ જેવી માટી... ને હુદહુદનાં પીંછાં જેવી ધૂળ.... ને ચીલા તો સંગાથ કરવા વળી વળીને દોડી આવતા હોય... બે બાજુ ખેતરો, કૂવા, લીમડા, રાયણ – પેલો આંબલો કેવો નવોનક્કોર લાગતો’તો! એ ખાબડીને કિનારે કણજી હવે હશે? ગામની નિકટ આવતાં પેલું તળાવ? સામા કાંઠે બાવળિયા – એનાં હમણાં જાણે ભૂકો ભૂકો થઈ ખરી પડશે એવાં ગોળ ગોળ બુટ્ટીઓ જેવાં પીળાં ફૂલ... વાડ પર હોલો બોલતો હોય... ક્યાંકથી તેતરના કિલકિલાટ આવતા હોય –

કેટલો માથાતોડ અવાજ કરે છે આ બસ! થડ થડ થડ થડ ધ્રુજારીથી તો પગ પણ નીચે નથી મંડાતા ! બૈડોય ટેકવાતો નથી! જમ્પરો તૂટી ગયાં હશે?

ઊંહ! આ બીડીઓના ધુમાડા..... શ્વાસ કેમ કરીને લેવો?

-ઓ ભાઈ બીડી બંધ કરો ને!

‘બંધ જ છે.’ – બંધ જ છે?

કેવો કર્કશ અવાજ! કેટલો મોટો બરાડો! તદ્દન તૂરી વાણી, મનને દઝાડે એવી એસિડિક ભાષા... છેક સાતમા ઘેર સંભળાય એટલા ઊંચા વૉલ્યુમથી વહુ ટેપરેકોર્ડર વગાડે છે ને તું કહે છે ‘બંધ જ છે’? સાસુ થવાની પહોંચ નથી, વહુને કહેવાની હિંમત ચાલતી નથી, એટલે ધણીને બોલતો બંધ કરવાનો? તું તે પત્ની છે કે પેલા ભવની વૈરવણ?

ને ગાયનોય કેવાં! લોખંડ વહેરાતું હોય એવાં! વિકૃત! ને એંઠવાડો!

થોડો ધીમો અવાજ રાખવાનું તો કહે! '-ધીમો જ છે!'

-આ ધીમો કહેવાય?... તારી નફ્ફટાઈનો તો જોટો નથી! હું કગરી કગરીને થાક્યો કે બાપા! મારી નોકરી સવારની છે, વહેલો ઊઠ્યો હોઉં છું થોડુંક ઊંઘવા દો! પણ...

-વહુને અત્યારથી ઘૈડી કરી મેલું? બાપડી પરવારીને હાલ ટેપ સાંભળવા બેઠી છે!... ... ... વહુની વડારણ થવા માંડી છે! પિયરમાં ભાભીનાં લૂંડીપણાં કરતી'તી, સાસરે સાસુની તો બરાબર છે, પણ દેરાણીનીય એસિસ્ટન્ટ થતી હતી. અરે આખી દુનિયા આગળ બાયલાગીરી કરે છે! એટલે પછી મારા ઉપર શૂરાતન દાખવવા આવે છે! 'નબળો ધણી બૈરી પર શૂરો' એ કહેવત બદલવા જેવી છે – 'બાયલી બૈરી ધણી પર શૂરી!' ને બાયલું માણસ સૌથી ક્રૂર શાસક બને!

પેલા ટુવાલ વખતે કેવું કર્યું'તું! અઠવાડિયાથી મારો ટુવાલ લગભગ તારવ્યા વિનાનો રહેતો'તો. શરીર લૂછતાં પાવડરની ચીકાશ ચામડીને વળગતી હતી. મેં ફરિયાદ કરી એટલે કેવા હલકટ શબ્દો બોલી'તી! 'તમે તે સસરા છો કે વહુની નણંદ? વાત વાતમાં વાંધા પાડો છો! ખણ વાંકું ને ખણ ચૂકું! ... ને ઘાંટો તો એટલો કે વહુ તો શું આજુબાજુનાં દસ ઘર સાંભળે! બહાર નીકળતાં શરમ આવે!

આમ ને આમ ઘરનું ગંગોલિયું કરી નાખ્યું છે. છોકરા નપાવટ થઈ ગયા. ના ભણવા-ગણવામાં, ના રમવામાં કે ના આમન્યા રાખવામાં! ઉદ્ધત થઈ ગયા છે. ને કહું – હું તાપમાં તલસ તલસ થતો છેક ચાર રસ્તેથી ચાલતો આવ્યો હોઉં... રિક્ષાના પૈસા મને નથી મળતા? આટઆટલો પગાર છે પણ બધો એમનામાં હોમાઈ જાય છે! મને એમ થાય કે છોકરા બાપડા હજી કમાતા નથી, ભલે હું જાતે થોડું કષ્ટ વેઠી લઉં. ખભે મણ ભાર ઊંચકીને આવ્યો હોઉં... એમાં મારી અંગત તો એક પણ વસ્તુ ના હોય, બધું એમના માટે હોય... તરસે જીવ આકુળ-વ્યાકુળ થઈ ગયો હોય – વહુ ઊભી ઊભી જોઈ રહી હોય પણ પાણીનો પ્યાલો ના લાવે! અરે, પેલી કાગળ વીણવા આવનારીઓનેય બપોરે છેક કંપાઉન્ડ વૉલ આગળ જઈને પાણી પાઈએ છીએ! મારી એમના જેટલીય કીમત નથી?

જો આ છોકરા-વહુને સંસ્કારા આપ્યા છે એ!

દરેક વાતમાં મારો વિરોધ! હું કહું કે સંડાસ ઓર્ડિનરી માણસોના ઘર જેટલું તો ચોખ્ખું રાખો! અથવા ઉનાળામાં બપોરે આખો વરન્ડો ધૂળથી ભરાઈ જાય છે, આ વખતે ફક્ત વરન્ડા પૂરતીય સાવરણી ફેરવી નાખતાં હો તો કોઈ આવે તો ઘર ફૂવડના ઘર જેવું ના લાગે! તો કહેશે : 'તમારે આ બધી શી પંચાત? હું નથી? બૈરાંના કામમાં તમારે શું માથું મારવાનું? વરાશે ભેગાભેગો હાંજે! આખો દા'ડો એમ વાર વાર ના થાય!' હંહ્! અસ્વચ્છતા નડતી હોય ને કહું

તો 'માથું માર્યું' કહેવાય! ને તું મારા ક્ષેત્રમાં કેટલાં માથાં મારે છે! મારો તો જાણે કોઈ હક્ક જ નહીં! જાણે હું ઘરનો વડીલ નહીં પણ ઘાટી હોઉં એમ! તે દિવસે નાનો મસાલો ખાતાં પેધ્યો'તો એ બાબતે ઠપકો આપવા ગયો, ત્યાં તો એ વચ્ચે કૂદી પડી! જાણે મેં આજની પેઢી જોઈ જ ના હોય! છોકરાની સાન ઠેકાણે લાવવાનું એક બાજુ રહી ગયું ને આખી સોસાયટીએ મહાભારત સાંભળ્યું! અને મોટા વખતે એનાથીય સવાયું મહાભારત કર્યું'તું! એ મૂરખાને મેં કહેલું, 'ભઈ, આજે જ વી. પી. પટેલને મળી આવ. મારા ખાસ મિત્ર છે. એમણે સો ટકા ગોઠવાઈ જશે એમ કહ્યું છે.' પણ કોણ જાણે ગળથૂથી જ કેવી છે? છોકરા, બાપ કહે એનાથી ઊંધું જ કરે એવું વાતાવરણ ઊભું કરી દીધું છે. વી. પી. પટેલને મળી આવવાને બદલે પહોંચ્યા એમના મામાજીને મળવા! વહુએ જ શિખવાડ્યું હશે, બીજું શું? વહુને તો એમ જ છે કે સસરાનું ઘરમાં કોઈ સ્થાન નથી તો બહાર ક્યાંથી હોય? એમના કરતાં એનાં પિયરિયાંનો વટ વધારે! ચપટીમાં નોકરી અપાવી દેશે! ને ભાઈને તો સાસરિયાં સાકર જેવાં ને બાપ ઝેર જેવો! સાચાં વાલેશરી એ! અમે તો દુશ્મન! તે વાલેશરી મામો વહેલો ઊઠ્યો! પોતાના સાળાના છોકરાને ઘુસાડી દેવા ભાણેજ-જમાઈનું પત્તું કાપી નાખ્યું! જઈને શી ખબર શું ભરાવી આવ્યો તે આ તો રહ્યો એ રહ્યો, પણ પેલાનેય નોકરી ના મળી! ને કો'ક ત્રીજો જ ઘૂસી ગયો! આવું થાય એટલે કયો બાપ મૂંગો રહે? 'અલ્યા ઓ બુદ્ધિના બારદાન! આ કસબ કેમ કરી આયો તું? વી. પી.ને બદલે તારા મામાજીને જઈને જણાવી આયો? કોની શિખવણીએ ચઢ્યો'તો તું? સાસરિયાંનો હજૂરિયો થયામાં ને થયામાં તો —'

આટલું કહેતાં કહેતાં તો ગાદીપતિ ધસી આવ્યાં! દાંત કચકચાવીને ઘાંટો પાડ્યો : 'શું સ તમારે? સોકરાને બાપડાને વહુના ભારતાં તૈણ પૈશૉનો કરી મૂકો છો તે વિચાર નથી આવતો? ખબડદાર જો સોકરાનું અપમાઁન કર્યું સ તો!'

ને પછી તો કાયમની જેમ ઘરના ભવાડા...

ઘરમાં બધાંને સ્વમાન છે, મારે એકલાને જ નહિ! મારું અપમાન ઘરનો દરેક સભ્ય કરી શકે! એ દિવસ – દુશ્મનનેય આવો દા'ડો જોવાનો ના આવશો ભગવાન! અલ્યા, દુનિયામાં જઈને જોઈ આવો : ક્યાંય નાના બનેવીઓને ઘેર મોટી સાળીઓ પડી ને પાથરી રહે છે? પણ મારાં જ વઢાણાં છે! મેં જ એમનો સંકોચ દૂર કરેલો. મારા મનથી એમ કે બાપડાં જીવનમાં સાવ એકલાં છે – બાળવિધવા... નજીકમાં નજીક એક જેઠાણી, તેય નિઃસંતાન... બીજી જરા દૂરની જેઠાણી, તેને દીકરીએ દીવો.... ઘર-ખેતર ખરાં, નિર્વાહ તો ઠાઠથી થાય! ઉપરથી પુણ્ય-દાન-જાત્રાઓ કરે! મેં નથી જોયું એટલું એમણે જોયું છે! છતાં કુટુંબ-મેળાનો લહાવો લેવાની વૃત્તિ, ને એક જાતની લાગણી કે એમને એકલવાયું ના લાગે. એટલે મહેમાન તરીકે આવતાં-જતાં એમને

આગ્રહ કરીકરીને રોકવા માંડ્યાં – મહિનો મહિનો, બબ્બે મહિના... ને જુઠ્ઠું કેમ કહેવાય? આનંદ કરતાં'તાં અમે બધાં ભેગાં થઈને! ને આ મોટો જન્મ્યો.... એટલે વધતું ચાલ્યું. પછી તો છોકરાઓ 'માસીબા' કહે એટલે હુંય 'માસીબા' કહું! પરિવારનાં સભ્ય બની ગયાં. પણ એક તો આ છોકરા પરણ્યા... મકાન સાંકડું પડે, ને નિવૃત્તિ પછી હવે મને વધારાના બોજ ખેંચવા બહુ અઘરા પડે છે. ભલે આવે, વરસમાં ચારને બદલે આઠ વખત આવે, પણ ચાર દા'ડા રહી ને જતાં રહેતાં હોય તો પોસાય. આ તો – આવે એટલે મહિનો-દોઢ મહિનો તો સાચો જ! અડધા વરસના રોટલા તો મારે ઘેર કાઢે છે! ને જો મારા ચહેરા પર અણગમો વરતાય તો એમનાં આ ગાદીપતિ 'બૂન' એસ.આર.પી.ની જેમ તૂટી પડે! 'મારી નોંધારી બૂન કો'ક દા'ડો આવે છે એનુંય આંખમાં  ઝેર આવે છે! આવા હલકા મનના ક્યાંથી છો?' ...સામ્યવાદી શાસનની જેમ માર ખાઈનેય મોંઢું હસતું રાખવું પડે! વળી પાછાં કહેશે : 'એ ક્યાં કોરા કર્યે રહે છે?' શાબ્બાશ! આપણા પૉલિટિશ્યનોનેય આવું આવડતું નહીં હોય! કો'ક દા'ડો તોલડી ને કો'ક દા'ડો લોટો... ને એમ આટલાં બધાં વરસોમાં ચાર-પાંચ જૂનાં ઠોબરાં આલ્યાં છે એને આ ઘરખોઈ બૈરી દલ્લો આપ્યો હોય એમ ગણાવે છે! એનાં આ સેવાભાવી 'મોટાં'બહેન જેટલીય અક્કલ એનામાં હોત, તો મારે આવા દિવસો જોવાના આવ્યા ના હોત! એ મોટાં બહેને તો ખેતરો વેચીને રૂપિયા બૅન્કમાં મૂક્યા છે એમાં જૉઇન્ટ નામ એમના દૂર દૂરના એક પિતરાઈ ભત્રીજાનું છે! એ મરી જા ય તો રૂપિયા પેલો ભત્રીજો લઈ જાય! ને વેઠ્યો મારે કરવાની! રૂટિનમાં તો આવી આવીને પડે જ છે. પણ સાજે-માંદે તો ખાસ આવે છે! ને આટલું અધૂરું હોય એમ એંશી વરસે ઘર સમરાવવા માંડ્યું છે! પતરાં કાઢીને ધાબું કરાવ્યું છે ને પ્લાસ્ટરો.... ને.... આ બધું કોના માટે? એમની પેલી જેઠાણીની છોડી માટે જ ને? એ જ એમની નજીકની વારસ છે! અરે, કકડે કકડે મૂકવા આપેલા બે હજાર રૂપિયાય મારી પાસેથી ઠાંસી નાખીને લઈ લીધા ને! એમનાં ચણિયારાં ચોકસ છે!

તે વળી મારા મોઢામાંથી તે દા'ડે નીકળી ગયું : 'એમનો વારસો જેમને ભોગવવાનો છે એમનેય એમની સેવાનો થોડો ચાન્સ આપો ને!'

ભોગ મળ્યા! બીતાં બીતાં બોલાઈ ગયેલા આ વાક્યે તો રમખાણ મચાવી દીધું! કેવું ભયંકર એનું રૂપ હતું! ને પાછાં બધાંય એક બાજુ! ને હું એકલો એક બાજુ! ને કેટલાં તો ત્રાગાં કર્યાં!

ત્રાસીને મેં ગૃહત્યાગ કરવાની તૈયારી કરી તો બોલ્યાં : 'જેવાં છોકરાંઓનાં નસીબ! જેમને નાનપણમાં બાપ મરી જાય છે એ શું કરે છે?'

લ્હાય લ્હાય થતો હું ઘર છોડીને નીકળ્યો ત્યારે બધાં તમાશો જોતાં હોય તેમ મઘડા સરખી આંખો કરીને તાકી રહ્યાં!

અલ્યા, હજી તો મારા રોટલા ખાઓ છો, મારા મકાનમાં રહો છો... લોહી ને પાણી એક કરીને મેં આ મકાન કર્યું છે! છોકરાઓએ હજી કમાઈને એક રૂપિયોય આપ્યો નથી! ને મારા જ ઘરમાંથી તમે મને કાઢો છો? એટલા જ માટે કે આ મકાન મારા નામે નથી? મને એવો હરખ કે આટલાં વરસે પોતાનું મકાન થાય છે તો લાવો પત્નીને નામે કરીએ! એને ગૌરવ થાય! ને મેં તો નૉમિનેશનય છોકરાઓનું કરાવડાવ્યું! મારું તો ક્યાંય નામ-નિશાન નહિ!

મને શી ખબર કે આવું થશે?

ધિક્કાર છે મને! તે દિવસે ઘર છોડીને જતો'તો એ પાછો કેમ આવ્યો? જુદી એક રૂમ રાખી રહેવું મને પોસાય તેમ ક્યાં નહોતું? પણ છોકરાઓની દયા આવી. થયું કે આટલો આટલો ય મારો ટેકો છે ત્યાં સુધી ગાડું ગબડે છે. હું નહિ હોઉં તો ભૂખે મરશે!... ... ...

કહું છું, મારે તને એક વાત કહેવી છે. છોકરાઓમાંથી મારો વિશ્વાસ ઊઠી ગયો છે. પાછળથી... મારે ઘર છોડી જવું પડે તો.... ને એવું છે કે આથમતી વયમાં રોજ કંઈનું કંઈ એવું બને... આ નવી પેઢી તો તું જુએ છે ને? મરવાની ઇચ્છા થઈ આવે. પણ વૃદ્ધાવસ્થામાં આપઘાત કરવાની શક્તિ હોતી નથી! એટલે... તું આ મકાન... મારા નામે —

- શું ઉં... ઉં... ઉં...? મકાન તમારા નામે? એટલે તમારે છોકરા-વહુને કાઢી મેલવાં છે?

-ના, ના, એવો મારો ઇરાદો નથી! આ તો મારી સલામતી ખાતર...

-તમે તો એમને બધાંને રઝળતાં કરો! પછી એ ક્યાં જાય?

-એ તો જુવાન છે. ઘરડેઘડપણ હું ક્યાં જાઉં?

-ક્યાં જવું છે તમારે?

જહન્નમમાં!... કેમ ઊઠીને ચાલવા માંડી? પૂરી વાત તો સાંભળ!

-સાંભરી લીધી!

-આ અત્યાર સુધી હું શું ભસ્યો? છોકરા-વહુ મને ઘરમાંથી કાઢી મૂકે તો –

-કોઈ કાઢી મૂકતું નથી તમને!

-ડાયરેક્ટલી કાઢી ના મૂકે પણ એવી સ્થિતિ ઊભી કરે કે મારા જેવા સ્વમાની માણસને ઘર છોડવું જ પડે! એટલે તું મારા નામે ટ્રાન્સફર...

'-નહિ થાય.' નહિ થાય? મેં જાત નિચોવીને આ મકાન કર્યું છે! હપ્તા હજી હું ભરું છું. તમને બધાંને ખવડાવું છું – તમારો નિર્વાહ કરું છું!

-એમાં શી નવાઈ કરો છો? પૈણ્યાંને પારે ને જણ્યાને જિવાડે એમાં નવું શું?

-પણ મારા જ ઘરમાંથી મારે જવું પડે તો....

-આ સિવાય કોઈ બીજી સારી વાત કરતાં આવડે છે? જ્યારે ને ત્યારે બસ આ જ લમણાલોઢી!

-એટલે તું મારી પીડા સમજવા તો શું સાંભળવાય માગતી નથી!

- ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ... ...

-કહું છું : ટ્રાન્સફર ન કરી આપે તો છેવટે નૉમિનેશન તો મારું કર!

-આટ-આટલાં વરસ તમારાં લૂંડાપણાં કર્યાં એના બદલામાં તમે આલ્યું શું? આ એક મકાન છે તેય પડાવી લેવું છે?

-તારા નામે તો મકાનેય છે, મારા નામે તો કશું જ નથી! ને હું તો માત્ર નૉમિનેશન માગું છું!

-એવું કશું જ કરવાનું નથી અત્યારે!

-તો પછી આ મકાન વેચી નાખીએ. ને હાઉસિંગમાં બે નાનાં નાનાં લઈ લઈએ. એક તારા નામે ને એક મારા નામે. આમેય બે છોકરાને બે –

-વેચી નાખું? આ મકાન? જા જા મારા ભૈ! તારી દાનતની મને ખબર છે! તું પાઈ આવે તો હું ચારી આવું એવી છું! ખબડદાર જો આજ કેડે આવી કરી છે તો!

-તો પછી તુંય જોઈ લેજે શું થાય છે તે!

-બિવડાવો છો? અત્યાર હુધી બિડાયેલી ને શિડાયેલી રૂહે એટલે ફાવતું જડ્યું? જે થાય એ કરી લેજો! કૉરટમાં જજો! આયા મોટા મકાનવારા! મકાન લેતાં તો બીજો અવતાર લેવો પડસે! ઈમ ના હમજતા કે હું એકલી છું! મારા પાછર તો ગજ ગજના દાંત છે! એં, ડાચું ફેરવી નૉખશે!

અરે! આ શું પડ્યું મોં પર? અં હં હં હં હં! રૂમાલ ક્યાં ગયો મારો? ‘અરે ઓ બહેન! આવી રીતે ઑકાય? માથું બારી બહાર કાઢતાં હો તો? પાછલી સીટમાં જાઓ, પાછલી સીટમાં!’

... ... ના, પણ આ પૈસા આવે એટલે મકાન તો લઈ જ લેવું છે! પડી રહેવા તો થાય! તાકડે એ હરેશે, હાઉસિંગવાળાએ મકાનનું નક્કી કરી આપ્યું એ સારું થયું! બે રૂમ ને એક રસોડાના પ્રમાણમાં પૈસા વધારે કહેવાય. પણ થાય શું? ત્યારે મારે એકલા જીવને જોઈએય કેટલું? આ તો મનમાં એમ, કે વીલમાં લખેલી યોજનામાં કંઈક ભલીવાર આવે એવું કરીએ!  હશે, જે થયું તે!

વીલ કરાવવા ગયો એટલે વકીલ કેવું હસેલો! ‘વગર મિલકતે વીલ શાનું કરવાનું?’ તોય લખ્યું મારા ભૈ એૅક્સપેક્ટેડ મિલકતનું...

સારું થયું કે નીકળતી વખતે આ વીલ સાથે લઈ લેવાનું સૂઝ્યું! નહિ તો એમને હાથ જાય તો... હમણાં હમણાંથી તો મારા કાગળો ફેંદતાં શીખ્યાં છે!

પૅન્શન-પેપર્સ ભેગું આ વીલ જતું રહે તો? ના, પણ છો રહ્યું અંદર જ! અને હવે કેટલી વાર વાંચવું ફરી ફરી? મોઢે જ થઈ ગયું છે!

-નિવૃત્તિ વખતે મને મળવાપાત્ર કુલ રકમ એક લાખ તેંતાલીસ હજાર થાય છે તે મારા ખાતા નં. ૭૭૨૫, સેન્ટ્રલ બૅન્કમાં જમા કરાવેલ હશે. આ ઉપરાંત ત્રેવીસ હજાર નીચે જણાવેલ વિગતો મુજબ ફિક્સ્ડ ડિપોઝિટોમાં પડ્યા છે. પૈસા હાથમાં આવતાં જ એક મકાન ખરીદવાની મારી યોજના છે. એ મકાનના દસ્તાવેજની નકલ મારા વકીલ એૅડવૉકેટ શ્રી એમ. એસ. દવે પાસે હશે. સદરહુ મકાનનો ઉપયોગ મારા જેવા સ્વ-પરિવાર દ્વારા હડધૂત થયેલા, એમના દ્વારા અન્યાય પામેલા, સ્વજનોની દુર્જનતાનો ભોગ થઈ પડેલા પુરુષોને આશ્રય આપવા માટે કરવો. મકાન ખરીદ્યા પછી જે કોઈ રકમ વધે તો તેનો ઉપયોગ પણ ઉપરોક્ત હેતુ માટે કરવો. જો મકાનનો દસ્તાવેજ થયા પહેલાં મારું મૃત્યુ થાય તો મને મળવાપાત્ર તમામ રોકડ રકમનું સલામત રોકાણ કરી તેના વ્યાજમાંથી ઉપરોક્ત કમનસીબ દુઃખી પુરુષોને એવી રીતે મદદ કરવી કે જેથી કરીને તેઓની લાચારી દૂર થાય, તેઓ સ્વમાનભેર જીવી શકે અને તેમની પાછલી જિંદગી સુખ-શાન્તિથી પસાર થાય. મારી સ્થાવર જંગમ મિલકતનો ઉપર જણાવ્યા પ્રમાણે વહીવટ કરવા હું નીચે પ્રમાણેની વ્યક્તિઓની નિમણૂક કરું છું... .... ...

‘ચાલો! વાછલવાળા!

-ઓ હો! વાછલ આવી ગયું?... ... ...

કેટલું બદલાઈ ગયું છે ગામ! નવું વૉટર વર્કસ થયું છે... દૂધની ડેરી થઈ છે.... ઓ હો! સ્કૂલનું મકાનય નવું થઈ ગયું છે.! .... .... ...

વાહ ભૈ વાહ! આજે ભગવાન સખણો રહ્યો લાગે છે! કેટલું ઝડપી પતી ગયું! બસ ત્યારે, હવે ભવાસણ પહોંચી જઈએ!... ડાયરેક્ટ બસ નથી? સ્ટેશને જવું પડશે? સ્ટેશને જવા... ઘોડાગાડીઓ બંધ થઈ ગઈ? રિક્ષા? નક્કી નહિ, એમ? સ્ટેશનનો વ્યવહાર જ ઓછો થઈ ગયો? ઠીક....!

તો હવે શું કરીશું?

ચાલી જ નાખવા દે ને! આપણે ક્યાં આ રસ્તે ચાલ્યા નથી? ટાઈમ લાગશે એટલું જ ને? મોડું થશે તો ભવાસણમાં રાત રોકાઈ જઈશું! કેટલાય બોલાવનાર મળશે! ને આજે ને આજે પાછા નહીં ફરાય તો શું બગડી જવાનું છે? ઘેર શો લાડવો દાટ્યો છે? ... ... .. .

લ્યો! આ તો ડામર રોડ થઈ ગયો છે! હવે મને પેલી માટી ક્યાં મળશે?

છે! છે! અડખેપડખે ખોદેલી ચોકડીઓમાં માટી છે! ... ...

વાડ છે.... ખેતરો છે... ને આ તળાવ તો એનું એ છે! સામે કાંઠે બાવળિયા ને આ કાંઠે ચાર લીમડા... અત્યારે ત્યાં જઈને બેસું તો? જાઉં વળી! એમાં શું? આમેય ક્યારનુંય યુરિન પાસ કરવા જવું છે.

હા... શ! ... ... ...

આ વીલ કેમ કાઢ્યું મેં? વાંચવા? કે પેન્શન પેપર્સમાં ભેળસેળ ના થઈ જાય એટલા માટે?

અરે! શું પડ્યું આ? આ તો કોઠું! આ કોઠી નીચે બેસવાનું હું એને કહેતો ત્યારે એ કેવી ગભરાતી! ‘ના બાપ! ક્યાંક માથા પર કોઠું પડે તો? હું એને ખેંચી જતો ને ભડકાવતો : ‘એ કોઠું પડ્યું! એ... પડ્યું!’

આ લીમડાઓ વચ્ચે દોડાદોડીય કરેલી! એ જમાનામાં કોઈ નહોતું! આમન્યા જાળવવી પડે. પણ અહીં અમને કોણ કહેનાર કે જોનાર હતું? ને આ મહુડા નીચે બેસીને તળાવમાં એક એક કાંકરો ફેંકતા રહીએ... વર્તુલ ઉપર વર્તુલ રચાતાં. અમે ત્યાં પગની આંગળીઓ અડાડવા પગ લંબાવતાં....

ને મણિબહેનના મેડા ઉપર? અડવાદાન રમતાં! નીચેથી એમની બૂમ સંભળાય : ‘અલ્યા, મારો મેડો હેઠો પાડશો! તમે તો હજી નાનાં કીકલાં હો એમ કરો છો!’ કહેતાં કહેતાં તો એ હસી પડતાં.

સહુએ ચેતવેલો મને : એ ડોશીનું મકાન તે ભાડે રખાતું હશે? પૈ ભારેય વેઠે એવી નથી! જોડા હાથમાં લઈને દાદરો ચઢવો પડશે! એનાં પગથિયાં ઘસાઈ જાય ને? કોઈ ભાડવાત જોડે એને બનતું નથી. બધાં રાડ પાડી જાય છે!

પણ પહેલોવહેલો ઘર માંડવાનો સામાન ખરીદીને લઈ આવ્યા— તવી, સગડી, તવેતો, સાણસી, ધોકેણું, કપ-રકાબીનું સ્ટૅન્ડ... ને દટ્ટાવાળું કૅલૅન્ડર તો વૈભવ હતો એ વખતે! અમે પત્તું ફાડવા કેવી હરીફાઈ કરતાં! તે એ બધું જોવા મણિબહેન કેવાં હડફડ હડફડ બહાર આવેલાં! એટલી સાવ તુચ્છ ખરીદી જોઈનેય રાજી રાજી થઈ ગયેલાં!

પંચ્યાશી રૂપિયાના પગારમાં મહિનાને છેડે પહોંચતાં પહોંચતાં તો મોઢે ફીણ આવી જતાં. બે જોડી જ પેન્ટ-શર્ટ પહેરવાનાં. ત્રીજી જોડી તો એ ખાસ 'તમારા સાસરે જઈએ ત્યારે પહેરવાની' કહીને ઇસ્ત્રી ટાઇટ રાખી મૂકતી. ઇસ્ત્રી હંમેશ એ જ કરતી. કોલસાની ઇસ્ત્રી... બહુ મુશ્કેલ કામ હતું એ! એને બાપડીને સાલ્લાય પાંચ જ હોય! બે પહેરવા કાઢ્યા હોય, બે જતાં-આવતાં ને એક જરા ભારે – અવસર ટાણે... તે દિવસે મહેમાનો આવી ચઢ્યા — શંભુ દાદા ને ગવરા બાપા, ત્યારે? કેવું થયેલું! એ બેની પથારીઓ કર્યા પછી અમારે ઓઢવા પાથરવાનું કાંઈ બચેલું નહિ! શેતરંજી જેવું ફર્નિચર પણ હજી વસાવવું બાકી હતું! કડકડતી ટાઢમાં અમે ઓરડામાં જઈ, બે કોથળા પાથરી, જૂનો સાડલો ઓઢી, લપાઈને સૂઈ ગયેલાં! ને સવારે ઊઠીને છાનાંમાનાં શું હસેલાં! શું હસેલાં!

આ હા! અહીં — આ જ ગામમાં અમારા દામ્પત્ય જીવનનાં પ્રથમ ચરણ મંડાયેલાં - કેવું હતું એ—એ–એ જુવારના કણસલા જેવું દામ્પત્ય...

આ–આ શું થયું છે મારા આ ગળામાં? જાણે લાકડાનો દાટો ભરાઈ ગયો છે – રૂંધાઈ ગયો છે – જોર કરું છું તોય નીકળતો નથી...

આ આંખોને શું થયું પાછું? કેમ કશું દેખાતું નથી? આટલું બધું પાણી – નથી રોકાતી.... નથી રોકાતી આ અનરાધાર વહેતી આંખો...

શું થયું? મુઠ્ઠી ઢીલી પડી ગઈ? એમાંથી સરકીને આ શું પડી ગયું તળાવમાં? પેલું વીલ? હા, વીલ જ!

કિનારે નાંગરેલી નૌકાની જેમ પાણી પર કેવું હલમલે છે! તેં જોયું?

ધીરે ધીરે સપાટ થવા લાગ્યું... આ હવે ફોગાઈ ફોગાઈને -

ના, ના; વર્તુલ શાનાં?

*[૧૯૯૪; 'અદ્યતન નવલિકાસંચય',૧૯૯૮-માંથી]*

# ઘર ભણી

## // શંભુપ્રસાદ જોષી

સમીસાંજ થૈ ગઈ
ધેનુનાં ધણ આ આવ્યાં!

ઊજળતાં જળપૂર –
ધેનુનાં ધણ આ આવ્યાં!
પુચ્છની ધજા હવામાં તરે!
સ્થૂળ કૈં શૃંગ હલેસાં ભરે!
રજના ઊંચા લોઢ
ખૂંદતાં ધણ આ આવ્યાં!      સમી...

કશો આ રવ ભાંભરનો થાય,
તૃપ્તિને લય પંખી સૌ ગાય!
વનની તાજી ગંધ
વેરતાં ધણ આ આવ્યાં!      સમી...
ચર્ણથી કર્ણ તણી ગતિ ઘણી !
દિયે શી દોટ વાછરું ભણી !
આંખ મહીં શાં બીડ
ધેનુનાં ધણ આ આવ્યાં !

સમી...

*[સંપાદન 'નગર વસે છે', ૧૯૭૮-માંથી]*

નિબંધ


# ઇંગ્લિશ હ્યુમર, રમૂજવૃત્તિ

## // દિગીશ મહેતા

તમે ઇંગ્લિશમાં જોક કહેવા પ્રયત્ન કરી જોયો છે? આમેય પાર્ટીમાં જોક કહેતાં બધાંને નથી આવડતું હોતું. અમુક માણસોને એ આવડે છે. એમાં પણ ગુજરાતી કે હિંદીમાં વાંચેલો કે સાંભળેલો જોક ઇંગ્લિશમાં કહેવાનો હોય તો હજુય મારા કે તમારાથી બને, પણ ઇંગ્લિશમાં ઇંગ્લિશ રીતનો જોક કહેવો એ જુદી વાત છે. એને આપણે ઇંગ્લિશ સેન્સ ઑફ હ્યુમર કહીએ છીએ.

દર વખત જોક્સ કહેવાના નથી હોતા, તે છતાં બેસતે ઊઠતે, હરતાં ફરતાં, ઘરમાં ઑફિસમાં, બસ સ્ટેન્ડ પર, આપણે જોક કરતા જ રહીએ છીએ, અને એટલા જ સાંભળતા પણ રહીએ છીએ. વ્યક્તિએ વ્યક્તિએ આ સૂઝ, અને એ અમુક ચોક્કસ રીતને સૂઝ કહો કે સમજ – એ જુદી હોય છે. હું તો કહું છું કુટુંબે કુટુંબે, કેમકે રમૂજવૃત્તિ એ ઘણી વાર કુટુંબગત હોય છે. પ્રદેશે પ્રદેશે જુદી તો હોય જ છે. સૌરાષ્ટ્રની રમૂજવૃત્તિ સુરતની રમૂજવૃત્તિ કરતાં જુદી છે.

ઇંગ્લિશ લોકો સ્વભાવે ઠંડા, લાગણી થાય તો પણ ન બતાવનારા. એમ કહેવાય છે કે ઇંગ્લિશ માણસને બહુ લાગણી થાય ત્યારે એ એકધ્યાને ફાયરપ્લેસમાં તાકી રહે. બસ, આ એણે લાગણી બતાવી! જ્યારે મારો ઇન્ડિયન?! તો આવા આ લોકોની રમૂજવૃત્તિ પણ નોખી હોય જ, અને છે. વાસ્તવમાં એ લોકો એમની સેન્સ ઑફ હ્યુમર વિશે પંકાયેલા છે. ઇંગ્લિશ સેન્સ ઑફ હ્યુમર એ બહુ વિલક્ષણ વસ્તુ છે, અને તમે એ કેટલે અંશે ઝીલી શકો છો એ તમને ઇંગ્લિશ બોલતાં આવડવાની કલાની કસોટી છે.



આમાં દાખલા રોજબરોજના જીવનમાંથી જ પહેલાં તો લેવા જોઈએ. પછી અન્યત્ર કે સાહિત્યમાંથી. દાખલા તરીકે ઇંગ્લિશ ટીચર્સની મિટિંગમાં ભેગા થયા તો અમે જોયું કે એક ડૉ. શેઠ નથી આવ્યા. એટલે અમારામાંના એક તરત કહે : અરે! ડૉ. શેઠ હેઝન્ટ કમ? હી ઈઝ ધ કમીંગ ટાઈપ! He is the coming type! અને અમે એટલું હસી પડ્યા. દેખીતું છે કે આ સરસ ઇંગ્લિશ રીતનો જોક કર્યો હતો, અને એ રિમાર્ક

કરનારને સરસ સ્પોકન ઇંગ્લિશ કેટલે બધે અંશે આત્માસાત્ થયું હતું. તમે આવો જોક કરી શકો પછી તમારે કરેક્ટનેસ, ખરું – કે ખોટું, એની ચિન્તા કરવાની ન રહે.


આ અને આવા કહેલા-સાંભળેલા કિસ્સા કેટલા બધા ઇંગ્લિશ વંશના છે તે જોવા નર્યો ઇંગ્લિશ એક દાખલો લઈએ. આ વખતે ડૉ. જહૉનસમાંથી. ડૉ. જ્હોનસન એટલે અઢારમી સદીમાં થઈ ગયેલા વિદ્વાન કવિ, વિવેચક, કોશકાર, લેખક અને સહુથી વધુ તો શુદ્ધ અર્થમાં ઇંગ્લિશ બુદ્ધિમત્તાના પ્રતિનિધિરૂપ પ્રતિભા. બોઝવેલ નામના એક સજ્જને તેમનું જીવન આલેખ્યું છે. ખાસ તો એ જબરજસ્ત વાતચીતના રસિયા હતા, જેને Conversationalist કહે છે. બૉઝવેલે એમની વાતચીતોના ઉતારા આપ્યા છે જેમાંથી એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઊપસી રહે છે. રીતભાત કે દેખાવની બહુ દરકાર વગર આ અલગારી લાગતો વિદ્યાખેડુ આમ મંડળીનો માણસ. એના શબ્દે શબ્દે શાણપણ, જ્ઞાન ઝરે, પણ બધું જ ચુસ્ત બ્રિટિશ રીતનું. પગ જમીન પર હંમેશાં. જે બ્રિટિશ રીત છે.

એક વાર એક બાનુ, એક વાતોડિયાં મહિલા, ડૉ. જહોનસન સાથે દલીલે ચઢ્યાં. કહે, તમે આમ કેમ કહો છો, તમે તેમ કેમ કહો છો? તો ડૉ. જહોનસન પળ વાર સાંભળી રહી બોલ્યા : Ignorance, Madam, pure ignorance. અજ્ઞાન, મ્હારાં બાનું, નર્યું અજ્ઞાન, બસ. આ પેલી નર્મ-મર્મ-કટાક્ષની વૃત્તિ જે ઇંગ્લિશ વંશની છે અને જેનો ભણકારો આપણને ગુજરાતમાં પ્રોફેસર એસ. આર. ભટ્ટ સાહેબ સુધી સંભળાય છે.

ટી. એસ. એલિયટના એક નાટકમાંથી એક દાખલો લઈએ. એમ સમાચાર આવે છે કે જહૉન નામના પાત્રને એક્સીડન્ટ નડ્યો છે અને એણે ભાન ગુમાવ્યું છે he has lost consciousness. આ સાંભળી એક હાજર રહેલું પાત્ર રિમાર્ક કરે છે. John? But he didn't have much consiousness to lose. જહૉન અને ભાન ગુમાવે? એટલું ભાન એને ક્યારે હતું?

–આ પેલા ઠંડા કલેજાની રમૂજ છે જે માટે ઇંગ્લિશ લોકો પ્રખ્યાત છે. એ રમૂજ લગભગ હંમેશાં વળવાળી છે. એમાં પરિસ્થિતિથી ઉપર ઊઠી, એને તટસ્થતાથી જોવાની, અમુક અંતરે ઊભા રહેવાની, વૃત્તિ છે. એ જેને કહીએ કે બ્લૅક હ્યુમર, કારમો હ્યુમર, એની નજીક હોય છે.

એ રમૂજવૃત્તિ સમથલ હોય છે, અને સામાન્ય માણસની સાથે સામાન્ય જીવન માટે પણ તીવ્ર સહાનુભૂતિથી ભરેલી હોય છે. જેથી ઓર્ડિનરી જીવન ટકી રહે છે, એવી કોઈક શ્રદ્ધા એમાં સમાયલી છે. કશી પણ, કોઈ પણ રીતને અતિશયોક્તિનો તેમાં નકાર હોય તો, એમાં અવહેલના હોય છે. એનું પગેરું ડિકન્સ કે શેક્સપિઅરમાં મળી રહે, પણ એ જો બહુ ઉચ્ચ પ્રકારના સાહિત્ય જેવું લાગે તો જેરોમ કે. જેરોમના Three Men in a Boat જેવા ઇંગ્લિશ હ્યુમરના નાનકડા ક્લાસિકમાં કે પછી P. G. Wodehouseનાં સમગ્ર લખાણોમાં કે એ. પી. હર્બર્ટમાં કે ગાર્ડિનર કે પ્રિસ્ટલી જેવા નિબંધકારોમાં.




પ્રિસ્ટલીનો એક નિબંધ છે : On Doing Nothing પર. એમાં એ કહે છે તેમ એ બે મિત્રો યોર્કશાયરની હરિયાળીમાં પડ્યા છે, અને પડ્યા જ રહે છે, વચમાં એક-બે શબ્દની આપ-લે થાય છે, સેન્ડવીચીઝ ને એવું ખાઈ લે છે, બસ પડ્યા જ રહે છે. આકાશના, ઘાસ પરના, બદલાતા રંગો નિહાળ્યા જ કરે છે. કશું જ નથી કરતા અને એમ કશું ન કરવાની કલા, એની સાધના કરે છે. પ્રિસ્ટલી એનાં બે-પાનાંના એ અદ્ભુત નિબંધમાં વચમાં અછડતું જ એમ કહે છે : એમ તો કંઈક કરવાનું, કંઈક કરી નાખવાનું શૂર આપણને ઘણી વાર ચઢે છે, ૧૯૧૪માં એવું જ શૂર ચઢ્યું અને આપણે ઘણું બધું કરી નાખ્યું જેનું પરિણામ આપણે જાણીએ છીએ. પ્રિસ્ટલી ૧૯૧૪ના પહેલા વિશ્વયુદ્ધની વાત કરે છે – આ પેલા વિલક્ષણ રીતની ઇંગ્લિશ રમૂજનો દાખલો છે, જે આમ જોઈએ તો કાળઝાળ અને કારમો છે, અને આમ જોઈએ તો ધરતીમાં લાંગરેલી કૉમનસેન્સ, સામાન્ય સૂઝથી આમૂલ સ્પર્શાયલી છે.

આ રીતની બેઠી ઇંગ્લિશ રમૂજ ગુજરાતીમાં ઐતિહાસિક કારણોસર જ એટલી ઊતરી આવી છે કે તે આપણે નવી સાધ્ય નથી કરવી પડે એમ. જોકે આમાં ય ભેદ છે. રમણભાઈ નીલકંઠમાં ભદ્રંભદ્રમાં એ તરત છતી થાય છે, પણ જ્યોતીન્દ્ર દવેના નિબંધોમાં જે રમૂજ છે એનો વેલો કંઈક જુદો લાગે છે.

*['ઇંગ્લીશ! ઇંગ્લીશ!', ૧૯૯૯-માંથી]*

# ટગલી ડાળ

// યોગેશ જોષી

શિયાળો ગાળવા
આવેલાં પંખી
વતન પરત જવા
ડાળ ડાળ પરથી
આ... ઊડ્યાં
પાંખો ફફડાવતાં
ફડ ફડ ફડ ફડ...
સાથે થોડો તડકો
થોડું આકાશ લઈ...
ડાળ ડાળ
હલતી રહી
જાણે
'આવજો'
કહેતી રહી....
ટગલી ડાળ
જરી ગરદન ઊંચી કરી
જોઈ રહી –
વિદાય થતાં પંખીની
પંક્તિઓની પંક્તિઓ
ક્ષિતિજમાં દેખાતી
બંધ થઈ
ત્યાં લગી
અપલક...
કોઈ પંખીએ
જોયું નહીં
પાછું ફરીને...
પછી
ટગલી ડાળ
સાધતી રહી
કશોક સંવાદ
મૂળ સાથે....

*['આખુંય આકાશ માળામાં', ૨૦૧૮-માંથી]*

નવલ-ખંડ

# નિ:સંગ સમ્રાટ : સુનીલ ગંગોપાધ્યાય

## લઘુનવલ

### // અનુ. : પ્રીતિ સેનગુપ્તા

પ્રકરણ - ૧૭ : રાજા નથી, સિંહાસન નથી

સાંજને સમયે, તરુણ નાટ્યકાર જતો રહ્યો તે પછી શિશિરકુમારે ફરી ધ્યાન આપ્યું ચોપડી વાંચવામાં. એક આંખમાં ગોટાળા થયા છે, રાતે વાંચવામાં અગવડ પડે છે. બત્તી બંધ કરીને બેસી રહેવાનું સારું લાગે છે.


અંધારા ઓરાડમાં ફક્ત ક્યારેક ક્યારેક જોઈ શકાય છે ચિરૂટના તણખા. ઈઝી ચેરમાં બેઠા છે શિશિરકુમાર. બે બારીઓ ખુલ્લી છે, પણ બહાર એવું કશું જોવાલાયક નથી. જોકે સાંભળી શકાય છે માણસોની વાતો અને ગાડી-લોરીઓના ખખડાટ. થોડી વારે ઊઠીને એમણે બારી બંધ કરી દીધી.

તદ્દન ચૂપ કરીને બેસી રહેતાં રહેતાં અચાનક જાણે સળગી ઊઠ્યો છે પાદપ્રદીપનો આલોક. નવી જ રીતે સજાવેલો મંચ, સામે છે અગણિત દર્શકો. ગડગડાટના જેવી તાળીઓ!

બરાબર જાણે એક જાદુ જેવો બનાવ બને છે.

ક્યારેક તેઓ પોતાને જોઈ શકે છે નાટ્યમંદિરના આરંભકાળમાં, જાણે 'દિગ્વિજયી'માં. ત્યારે એમનું સૌષ્ઠવપૂર્ણ શરીર જીવનરસથી એકદમ ભરપૂર હતું. મંચ પર થાય છે એ જ ગર્વ-ઉદ્ધત પદક્ષેપ. એક દશ્યમાં તેઓ એક કૂદકે વિન્ગ્સમાંથી પહોંચી જાય છે મંચની વચ્ચોવચ.

બડબડ કરીને 'દિગ્વિજયી'ના સંવાદ બોલે છે, ચહેરો બદલાઈ જાય છે, હવે તેઓ 'ષોડશી'ના જીવાનંદ છે. મંચ પણ બીજો છે, આ તો છે શ્રીરંગમ્ ફાટેલો-તૂટેલો, થીગડાં મારેલો પડદો ને બેક ડ્રોપ છે. શબ્દો બોલતાં બોલતાં તેઓ હાંફે છે, પ્રભા નથી, કંકા નથી...




કંકાવતીનું નામ મનમાં આવતાં જ ફરી બદલાઈ ગયું દશ્ય, આ તો છે 'વિરાજ વહુ', અહીં કંકાવતી અભિનયથી સામનો કરતી રહે છે એમનો. કંકાવતીના મૃત્યુના પહેલાં તેઓ એના બિછાનાની પાસે હાજર થઈ શક્યા નહીં. કંઈ એક સાવ સાધારણ જેવું સિનેમા કરવામાં વ્યસ્ત હતા. ઓછું આવવાના ભાવથી ભરેલું હૈયું લઈને ચાલી ગઈ છોકરી.

કંકાવતી એમની જીવનસંગિની હતી, પણ એનાથીયે મોટી બાબત હતી એ કે એ કેટલી મોટી અભિનેત્રી હતી! 'યોગાયોગ'ની કુમુદની ભૂમિકાથી એણે કવિગુરુને

ખુશ કર્યા હતા. કેવું આશ્ચર્ય, આટલા વખતમાં જ અનેક જણ ભૂલી જઈરહ્યા છે કંકાવતીને. હવે વાતો વાતોમાં એનું નામ નીકળે ત્યારે અન્યોને યાદ કરાવી દેવું પડે કે આ જે ચંદ્રાવતી છે, ફિલ્મ એક્ટ્રેસ, તે કંકાવતીની નાની બહેન થાય.

એ જ શ્યામપુકુરને ઘેર કંકાવતી અગાશીમાં બેસીને ગાન સંભળાવતી. ત્યારે એની આંખોમાં, ને મુખ પર ભવિષ્યની કેટલી ઉજ્જ્વળ આશા હતી. શિશિરકુમારે વિચાર્યું, મેં અન્યાય કર્યો છે એના ઉપર, તેથી જ છે મારી આવી પડતીની દશા? જાણીજોઈને તો અન્યાય કર્યો નહોતો, તો પછી શું મારા પ્રેમમાં શક્તિ જ ઓછી હતી? ઘમંડી સ્વભાવ...

ફરી દૃશ્યનું પરિવર્તન. શિશિરકુમારે જોયું, એમની ચારેબાજુ ઊડે છે અસંખ્ય રૂપિયા. ફક્ત કાગળની નોટો નહીં, ચાંદીની સિક્કા પણ ઊડી ઊડીને જમીન પર પડે છે રણઝણાટ કરીને. કેટલા બધા પૈસા! અનેક રૂપિયાપૈસા ઘણી વાર કમાયા છે જીવનમાં, ને પાછા ઉડાવી પણ દીધા છે. જો કેવળ ઐતિહાસિક નાટક અથવા શરદચંદ્રની સેન્ટિમેન્ટલ વાર્તાઓની રજૂઆતો કરતા રહ્યા હોત, તો પણ કદાચને એમને ક્યારેય પૈસાનો અભાવ થયો હોત નહીં, પોતાનો રંગમંચ પણ છોડવો પડ્યો હોત નહીં, પરંતુ તેઓ વિશુદ્ધ રુચિપૂર્ણ નાટકો રજૂ કરવા માગતા હતા. રવીન્દ્રનાથની કૃતિઓનો આધાર રાખ્યો હતો વારંવાર, ને પ્રત્યેક વાર જ થઈ ગયા હતા તદ્દન ખાલી. તોયે હજી પણ કહી શકે છે, જે કર્યું તે બધું સરસ જ કર્યું છે!

એક એક કરીને લાઇટો બંધ થતી જાય છે. આખોયે રંગમંચ હવે શાહી જેવા કાળા અંધકારથી ભરેલો છે. એની વચમાંથી સંભળાય છે એક ભાંગેલો-તૂટેલો કંઠસ્વર, "મારો સજાવેલો બાગ સુકાઈ ગયો. મારો સજાવેલો બાગ..."

ઊઠીને ઊભા થઈને, તંદ્રા ભાંગીને પાયચારી કરી થોડી વાર. અંધારામાં ટેબલ-ખુરશીની ઠોકર વાગે છે.

ઈટ ઈઝ ધ કોઝ – એ જ કારણ છે, એ જ કારણ છે, મારા મન...

શું છે કારણ?

મદ્યપાન છોડી દીધા પછી સાંજ ઘણી વધારે લાંબી લાગે છે. આખું જીવન જ એમણે દિવસના સમય કરતાં રાતોને વધારે માણી છે. હવે બસ, ઊંઘ જ આવવા માગતી નથી. હેમેન્દ્રકુમાર કહેતા, શિશિર, આટલું ઓછું ઊંઘ્યા છતાં તારી બે આંખો આટલી ચમકતી રહે છે કઈ રીતે?

અમુક સમયે બધા અવાજ શમી ગયા. ફક્ત દરરોજ મધરાત પછી આકાશને કંપાવીને એક વિમાન ઊડી જતું હોય છે, એ સમયે શિશિરકુમાર બારીમાંથી, વિમાનથી દૂર થતી જતી ભૂરી-પીળી બત્તીઓની સામે જોઈ રહે. આટલું મોટું વિમાન આકાશમાં અદૃશ્ય થઈ જતું હોય, તે દૃશ્ય જોવું એમને બહુ ગમે.

બીજે દિવસે ઘડિયાળના કાંટામાં બરાબર દસ વાગતાં આવીને હાજર થયા સત્યજિત રાય. ઘરનો નોકર એમને લઈ આવ્યો ઉપરના ઓરડામાં. ઘેર મહેમાન આવે તો પણ ખાસ કશા પોશાક પહેરતા નથી શિશિરકુમાર, સિલ્કની લુંગી અને સદરો એમનાં હંમેશ માટેનાં ઘરનાં કપડાં છે. આંખ પર જાડાં, કાળી ફ્રેમનાં ચશ્માં. માથાના વાળ થોડા ઓછા થઈ જવાથી ખૂબ મોટું બન્યું છે કપાળ, જરા પણ ઓછો થયો નથી ગૌરવર્ણ, સુગઠિત છે શરીર.

ખૂબ ઊંચા સત્યજિતે હાથ જોડીને, ઘણું નમીને એમને નમસ્કાર કરતાં જ શિશિરકુમારે ઊઠીને ઊભા થઈને સત્યજિતને સ્વાગતનના શબ્દો કહ્યા.

સાથે આવેલા બે જણની ઓળખાણ કરાવી સત્યજિતે. એક જણ હતો એમનો કેમેરામેન, સુવ્રત મિત્ર અને બીજો સત્યજિતે કહ્યું, મારા એક લેખક મિત્ર છે, જોકે એ પોતાના નામે લખતા નથી. ઉપનામ છે નિવારન ચક્રવર્તી.

એ ત્રણ જણ શિશિરકુમારની સામસામે બેઠા તે પછી એમણે સત્યજિતને કહ્યું, 'આજકાલ મારી યાદદાસ્ત કેવી જાણે ગળતી જાય છે. મારા દીકરાએ મને યાદ કરાવ્યું કે મેં તો તમારો એક બાયોસ્કોપ જોયો છે. 'પથેર પાંચાલી'. ખૂબ જ ગમ્યો હતો.

આપણા દેશમાં આવું કશું કરી શકાય, તે મેં ધાર્યું જ નહોતું. ખૂબ જ વાસ્તવિક સિનેમા છે અને છતાં., એની અંદર કળા છે. આ કળાતત્ત્વ ના હોય તો વાસ્તવિકતાની કશીયે કિંમત નથી. પણ તમારી બીજી કોઈ પણ ફિલ્મ મારાથી જોવાઈ નથી. હોલ સુધી મારે જવાનું જ થતું નથી, કોઈ પણ હોલમાં હવે પ્રવેશવાની પણ ઇચ્છા થતી નથી. 'પથેર પાંચાલી'ને માટે તમને અભિનંદન આપું છું.'

સત્યજિત બોલ્યા, 'આપ મને 'તું' કહેજો.'

નાના સરખા પાતળા ચહેરાવાળા નિવારન ચક્રવર્તીએ કહ્યું, 'આપને પદ્મભૂષણ મળવા માટે શું આપને અભિનંદન આપી શકું?'

સુવ્રત મિત્ર જલદીથી બોલ્યા, 'આજના છાપામાં આવ્યું છે, તેઓએ અસ્વીકાર કર્યો છે.'

નિવારન ચક્રવર્તીએ કહ્યું, 'જાણું છું. છતાં, ભારત સરકાર એમને સન્માન આપવા માગે છે...'

શિશિરકુમારે કહ્યું, 'એને લીધે તે વળી શું બહુ મોટી વાત બની છે? કોઈ કોઈ લોકોને એવા બધા ખિતાબ આપીને શું એક વિશેષાધિકારી વર્ગ બનાવવામાં આવી રહ્યો છે? બ્રિટિશ રાજના રાયબહાદુરોની જેમ? મને આ બધું ઘૃણાસ્પદ લાગે છે.'

સત્યજિતની તરફ જોઈને બોલ્યા, 'એક હસવા જેવી વાત સાંભળવી છે? સરકારનો ટેલિગ્રામ ક્યાં આવ્યો હતો, ખબર છે? મારું સરનામું જાણતા નથી, તેથી એને મોકલ્યો હતો શ્રીરંગમ્ થિયેટરના સરનામે. શ્રીરંગમ્ નામનું કોઈ પણ થિયેટર અત્યારે છે ખરું? એ મારું હતું, ત્રણ વર્ષ પહેલાં દેવાના બદલામાં મારી પાસેથી લઈ લીધું ને મને રસ્તા પર કાઢી મૂક્યો હતો. સરકાર એ ખબર જાણતી નથી. હું હવે ક્યાં છું, કેવી હાલતમાં છું, એ પણ જાણતી નથી. મારી પાસે હવે કોઈ પણ થિયેટર તો નથી જ, કોલકાતા શહેરમાં જ રહેવાની જગ્યા મળી નહીં. આવવું પડ્યું છે શહેરની બહાર. મેં જે આખી જિંદગી નેશનલ થિયેટર, નેશનલ થિયેટર કરીને ગળું ફાડ્યું, એનાથી પણ કોઈને સભાનતા આવી નથી. હવે આપવા આવ્યા છે એક ખિતાબ. જાણે પહેલાં મોટું અપમાન, ને પછી નાનુંશું દાન. મેં લખી નાખ્યું છે કે એવા ખિતાબ-ફિતાબ જોઈતા નથી, જો કરી શકો તો કોલકાતા શહેરમાં એક નિજી નાટ્યશાળા બનાવી આપો.'

નિવારન બોલ્યો, 'સાચે જ, કેન્દ્ર સરકાર ભલે ના આપે, પણ રાજ્ય સરકાર શું એક નેશનલ થિયેટર બનાવી આપી શકે નહીં?'

શિશિરકુમારે કહ્યું, 'કોલકાતામાં જ્યારે અંગ્રેજી થિયેટર ચાલુ થયાં, કોણે સહાય કરી હતી, જાણો છો? બંગાળી મોટા માણસોએ. શાં સુષિ નામનું થિયેટર જ્યારે બળી ગયું, ત્યારે દ્વારકાનાથ ઠાકુરે નવું થિયેટર બાંધવાને માટે પૈસા આપ્યા હતા. તેઓએ પણ જોકે, બંગાળી થિયેટર બનાવવા માટે કશું પણ કર્યું નથી. કેમ, અત્યારે પણ વર્ધમાન, કુચબિહાર, ભાગ્યકુલના જમીનદારો શું તદ્દન ગરીબ થઈ ગયા છે? એ લોકોએ શું કર્યું છે દેશને માટે? ખેર, જવા દો એ બધી વાતો. હવે કહો તો, શું કારણે આવ્યા છો મારી પાસે?'

સત્યજિત વિવેકપૂર્વક બોલ્યા, 'અમે એક પ્રસ્તાવ લઈને આવ્યા છીએ. મારું હવે પછીનું સિનેમા તારાશંકર બંદોપાધ્યાયની વાર્તા 'જલસા ઘર' પરથી છે. એમાં જમીનદાર વિશ્વંભર રાયની ભૂમિકામાં અમે આપને લેવા ઇચ્છીએ છીએ. એ જ છે મુખ્ય ભૂમિકા.'

શિશિરકુમાર હસીને બોલ્યા, 'બાયોસ્કોપ? એ બધાની સાથે તો મેં બધો સંપર્ક સમાપ્ત કરી દીધો છે. ના, તમે ખોટા માણસની પાસે આવ્યા છો.'

સત્યજિતે કહ્યું, 'આપ છેવટે ચિત્રનાટ્યની પ્રત વાંચી તો જુઓ. અથવા આપને વાંચી સંભળાવી પણ શકીએ.'

શિશિરકુમાર બોલ્યા, 'સાંભળીને પણ વળી હું શું કરીશ? પૂરેપૂરી રીતે મનમાં નક્કી કરી નાખ્યું છે, એ બધામાં હવે પડીશ નહીં. ફિલ્મ બાબતે કશું જ જાણતો નથી એમ તો નથી જ. મેં પોતે ચાર-પાંચ ફિલ્મોનું દિગ્દર્શન પણ કર્યું છે. બહુ સારું અલબત્ત, થયું નહોતું. પૈસાને ખાતર કરવું પડ્યું હતું, પરંતુ સારી રીતે મન લગાવી શક્યો નહીં. એ માધ્યમ મને બહુ જચતું નથી, નાટક જ મારું સર્વ ધ્યાન-જ્ઞાન હતું. બે દેવતાઓને એક સાથે પ્રસન્ન કરી શકાય નહીં.'

નિવારને કહ્યું, 'જલસા ઘર'નું આ પાત્ર એકદમ આપને માટે જ છે જાણે. આપ જ આ ઈઝીચેર પર બેઠો છો, એમ જ એક જમીનદારના ભાંગ્યાતૂટ્યા ઘરની અગાશીમાં બેસશો અને રોલ તો આપને માટે જાણે રોજના ભોજની જેવી સાવ સહજ બાબત છે.'

હાથ હલાવતાં હલાવતાં શિશિરકુમાર બોલ્યા, 'કશું બોલો નહીં, કશું બોલો નહીં, કશો ફાયદો થશે નહીં. મારો નિર્ણય મક્કમ છે. મને થિયેટર માટે કશું નવું કરવાની ઇચ્છા હતી, પણ કરી શક્યો નહીં. નિષ્ફળ ગયો છું, આ ઓળખાણ સાથે જ મરીશ. આ ઉંમરે હું ફરી સિનેમામાં ઊતરીશ, તો લોકો કહેશે, હું વેશ બદલવા માગું છું. મારી પાસેથી જ્યારે સ્ટાર છીનવી લીધું, ત્યારે રવીન્દ્રનાથે મને બોલાવીને વિશ્વભારતીમાં અધ્યાપક થવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, હું માન્યો કેમ નહીં, ખબર છે? લોકોએ કહ્યું હોત, આવ્યા હતા થિયેટર કરવા, એમાં હારી જઈને શિશિર ભાદુરી પાછા ફરીથી એક સાધારણ ઉંદર બની ગયા છે. ના, હું એમ ઉંદર બનવા માગતો નહોતો. પ્રાગૈતિહાસિક સમયનો કોઈ પણ જીવ થઈને જ ખોવાઈ જઈશ.'

જરાક અટકીને, હોઠના ખૂણે જરાક સ્મિતની ઝલક દઈને બોલ્યા, 'બીજી એક વાત સાંભળશો? મેં છેલ્લે ક્યારે બાયોસ્કોપમાં અભિનય કર્યો હતો, તમે લોકો જાણો છો? વેરાઈટી પિક્ચર્સના 'પોષ્યપુત્ર'માં. જોકે હું એનો દિગ્દર્શક નહોતો. સતીશ દાસગુપ્ત હતા દિગ્દર્શક. જીવનમાં ક્યારેય મેં બીજા કોઈના દિગ્દર્શનમાં નાટક પણ કર્યાં નથી, આ પહેલાં સિનેમા પણ કર્યું નહોતું. સતીશના હાથ નીચે કામ કરતાં કરતાં મને થયું હતું, આવું મને ફાવશે નહીં.'

પછી આગળ કહ્યું, 'તારા એ 'જલસા ઘર'માં તું દિગ્દર્શન કરજે. તું જ પ્રથમ નંબરે છે. હું તો કોઈ પણ રીતે બે નંબર થઈ જ શકતો નથી. એ મારા સ્વભાવમાં નથી. આ મારો દોષ છે, એમ કહી શકો છો. પણ હું છું જ આવો. આ બંધારણમાં હવે મારી જાતને બદલાવી શકીશ નહીં.'

સત્યજિત બોલ્યા, 'આપને તો ખાસ કશું નિર્દેશન આપવું જ પડશે નહીં. આપ તો પોતે જ....'

શિશિરકુમાર બોલ્યા, 'ના, ના, નિર્દેશન આપીશ નહીં શા માટે? ચોક્કસ આપજે. તું દિગ્દર્શક છે, તારા સ્વપ્ન પ્રમાણે જ તો થશે બધુંયે, પરંતુ હું કરી શકવાનો નથી. આ વિષય પર વધારે વાત કરીને પણ કશો ફેર નથી પડવાનો. પહેલાં કર્યું હતું પૈસાને માટે, હવે મારું રૂપિયા-પૈસાનું પ્રયોજન જ ઊડી ગયું છે.'

એ ત્રણે જણે જલદીથી એક વાર ઓરડામાં નજર ફેરવી. દારિદ્ર્યનાં ચિહ્ન સ્પષ્ટ દેખાય છે, કેવળ આ ઘરના અધિપતિના વ્યક્તિત્વમાં કોઈ પણ દીનતા નથી. આરામખુરશીનું નેતર તૂટી ગયું છે, દીવાલ પરના એક ફોટાનો કાચ તૂટેલો છે. એક બાજુ પર રહેલી પથારીની ઉપર પાથરેલી ચાદર તેલથી ચીકણી છે.

બારણાની પાસે ઊભા રહીને અશોક બધું સાંભળે છે. એની બહુ જ ઇચ્છા છે કે એના બાબા સત્યજિત રાયની ફિલ્મમાં અભિનય કરે, પરંતુ પિતાની સામે કોઈ પણ દલીલ કરવાની હિંમત એનામાં નથી.

અશોકની સામે જોઈને શિશિરકુમાર બોલ્યા, 'કેમ રે, આ લોકોને જરાક ચા-બા પિવડાવીશ નહીં? જો, મારા ઓશીકાની નીચે કદાચ થોડા રૂપિયા છે.'

સત્યજિત બોલ્યા, 'ના, ના, અમે ચા પીતા જ નથી. આપ તો જ્યારે અમારું માનવાના જ નથી, ત્યારે આપનો વધારે સમય બગાડીશું નહીં.'

શિશિરકુમાર બોલ્યા, 'ઓ હા, તારા બાબાનું નામ તો જણાવ્યું નહીં. અશોકે કહ્યું હતું કે–'

સત્યજિતે કહ્યું, 'મારા પિતાનુંનામ સુકુમાર રાય છે. હું માનું છું કે આપ એમને ઓળખતા હતા.'

શિશિરકુમાર ઉત્સાહિત ભાવ બોલ્યા, 'તું સુકુમાર રાયનો દીકરો છે? અરે, બેસ, બેસ, થોડું વધારે બેસ. ચહેરામાં કશો મેળ નથી. હા, ઓળખતો તો હતો જ. બલકે નજીકની મૈત્રી હતી. મારા બીજા એક મિત્ર સુનીતિ ચેટરજી અને મેં સુકુમારની સાથે બેસીને કેટકેટલા ગપ્પાં માર્યાં છે. જેવી વિનોદ વૃત્તિ, તેવી જ કુશાગ્ર બુદ્ધિ, વિલાયત ફરીને આવ્યા, ખાસ કશા ઇમ્પ્રેસ્ડ થયા નહોતા. મને કહેતા, બ્લોક મેકિન્ગ તથા પ્રિન્ટિંગની બાબતે સાહેબ લોકો આપણાથી એવું કાંઈ વધારે જાણતા નથી. તારા બાબા ખૂબ સરસ ગાઈ પણ શકતા, તને ખબર છે?'

સત્યજિત બોલ્યા, 'હું તો બહુ જ નાનો હતો, મને યાદ નથી. મારી માની પાસેથી એ વાત સાંભળી છે.'

શિશિરકુમારે કહ્યું, 'હા, આટલી નાની ઉંમરમાં સુકુમાર ચાલી ગયો... એની 'આબોલ તાબોલ' ચોપડી પણ, મોટે ભાગે તો, છાપેલા સ્વરૂપમાં જોઈ પણ શક્યો નહોતો, ખરું ને? તબિયત સારી ના હોય ત્યારે પણ ખબર રાખતો. શું અસાધારણ ચોપડી છે! કેટલી કવિતાઓ મોઢે હતી મને! લાંબા વખત સુધી એ ચોપડી અપ્રાપ્ય હતી, હવે મળી શકે છે?'

સત્યજિતે કહ્યું, 'હા, હવે ફરીથી મળી શકે છે. બાબાની બીજી પણ ચોપડીઓ બહાર પડી છે, આપને મોકલી આપીશ એક સેટ.'

શિશિરકુમાર બોલ્યા, 'હા, મોકલી આપજે, મોકલી આપજે. જિનિયસનો છોકરો જિનિયસ! આવું વારંવાર જોવા મળતું નથી. આવનારા યુગમાં, શક્ય છે કે બાયોસ્કોપ જ થશે કળાનું મુખ્ય માધ્યમ. ખરું કે નહીં? થિયેટર ખોવાઈ જશે.'

સત્યજિત બોલ્યા, 'નાજી, એવું શું કામ બને? થિયેટર અને સિનેમા સાથે સાથે જ ચાલી શકે. ઘણા દેશોમાં એમ જ તો ચાલે છે. થિયેટરની સાથે સિનેમાની કોઈ પણ તુલના જ કરી શકાય નહીં.'

સુવ્રત બોલ્યો, 'આપ સિનેમાને બાયોસ્કોપ કહો છો. સાંભળવાની મઝા પડે છે. અમારા બાબા-કાકા વગેરે પણ એમ જ કહેતા હતા. બાયોસ્કોપ કહેવામાં તોયે કશો અર્થ છે, પણ હવે અનેક જણ એને કહે છે, 'બોઈ.' સત્યજિતબાબુ તો 'બોઈ' સાંભળતાં જ અકળાઈ જાય છે.'

શિશિરકુમાર હસી પડીને બોલ્યા, 'બોઈ!' હા, મંચ પરનાં નાટકોને પણ ઘણા 'બોઈ' કહેતા. આપણા મધ્યમવર્ગીય લોકો તોયે બોઈ-સિનેમાને કંઈક જાણે છે, પરંતુ નાટક, ચિત્ર, સારું સંગીત વગેરેનો પૂરેપૂરો રસ ગ્રહણ કરતાં હજીયે શીખ્યા નથી. રવીન્દ્રનાથ મને ઘણીવાર કહેતા, તમે બધા દર્શકોને તૈયાર કરી શક્યા નહીં? સાચું જ કહ્યું ને, ના, કરી શક્યો નહીં. સારાં નાટકોમાં પણ સારા દર્શકો પામ્યો નહીં. હું તો આખી જિંદગી (વાઘની જેમ) ત્રાડ-વીર, (કબૂતરની જેમ) ઘુઘુ-વીર અને (વાંસળીવાળો) વાંશબેહારી જ બનતો રહ્યો. ખરેખરાં નાટક જેવાં નાટક મળ્યાં જ ક યાં!'

નિવારને કહ્યું, 'આપે પોતે નાટક લખ્યાં કેમ નહીં?'

શિશિરકુમારે કહ્યું, 'કદાચ છે ને આવડત હતી નહીં. બધાંમાં શું બધી જાતની હોશિયારી કાંઈ હોય? મારે ઘણી બાજુનું સંભાળવું પડતું, સૌથી વધારે ગોબરમાં પછડાયો છું રૂપિયા પૈસાની બાજુનું સાચવવા જતાં. હિસાબ મારા માથામાં ઠસતો જ નથી. એવો પણ સમય હતો કે જ્યારે ખૂબ પ્રમાણમાં પૈસા આવ્યા હતા, રાખી શક્યો નહીં. મારો સંસાર સંભાળતી કંકા, ને એ પણ પૈસા એટલે શું? એ જ જાણે જાણતી નહોતી.'

નિવારન બોલ્યો, 'અમે તો સાંભળ્યું છે કે બીજાનાં લખેલાં નાટકોને આપ માથાથી પગ સુધી બદલી નાખતા. અનેક વિખ્યાત નાટકોનો ઘણો ભાગ આપનો જ લખેલો–'

શિશિરકુમારે કહ્યું, 'એક જરાક સારી થીમ મળે તો એના ઉપર કારીગરી કરી શકાય. અમને થિયેટર ચલાવવા માટે સતત નવાં નાટકો જોઈએ. ગિરીશબાબુએ નાટકના અભાવથી કંટાળી જઈને, છેવટે પોતે જ લખવાનું શરૂ કર્યું હતું. ચાર-પાંચ દિવસમાં એક કરીને નાટક પૂરું કરી નાખતા. એ બધાં મોટે ભાગે જ તો હવે નકામાં છે! હું લખી ભલે નથી શકતો, સાહિત્ય તો સમજું છું. એ કારણે જ વારંવાર રવીન્દ્રનાથના લખેલા સંવાદો બંગાળીના કાનમાં નાખવા ઇચ્છ્યું છે. અને પ્રત્યેક વાર ડૂબ્યો છું. બંગાળીઓના કાનમાં બહુ જ મેલ જામેલો છે.'

નિવારને કહ્યું, 'બુદ્ધદેવ બસુએ આપને માટે ફરિયાદ કરી છે કે આપ સફળ નાટક તૈયાર કરી પણ ના શક્યા. 'કલ્લોલ'ના જમાનાના લેખકો આપને માટે ખૂબ ભક્તિ ને આદર રાખતા, એમને પણ આપે નાટક લખવા માટે બહુ ઉત્સાહ આપ્યો નહીં. બલકે કોઈ કોઈએ લખ્યું હોય તો પણ... બુદ્ધદેવ બસુએ પોતે પણ....'

શિશિરકુમાર બોલ્યા, 'હા, બુદ્ધદેવ બસુએ એક નાટકની હસ્તપ્રત મારા હાથમાં મૂકી હતી. શું હતું નામ જાણે. ઇન્દ્રજિત? ના, ના, 'રાવણ.' ઢાકાથી કોલકાતા આવીને એણે વિચાર્યું હતું, નાટક લખતાં જ જાણે કે ખૂબ પૈસા મળી શકે. એને વાંચીને મને એ ખાસું પસંદ પણ પડ્યું હતું, રિહર્સલ પણ શરૂ કર્યાં હતાં, એ પછી અમુક વખતે મનમાં લાગ્યું કે એની મૂળ થીમની સાથે (માઈકલ મધુસૂદનનું) 'મેઘનાદવધ' કાવ્ય ખૂબ મળતું આવે છે. તેથી જ આગળ વધાર્યું નહીં. થિયેટરમાં તો આવું થાય જ, રિહર્સલ કર્યા પછી પણ અંતે ઘણાં નાટક મંચ પર આવતાં નથી.'

નિવારન બોલ્યો, 'બનફૂલે પણ 'શ્રી મધુસૂદન' નામનું એક નાટક...'

શિશિરકુમાર બોલ્યા, 'હા, એ પણ ખરાબ નથી. પણ માઈકલના મોઢામાં એમણે જે અંગ્રેજી સંવાદ આપ્યો છે, તે સાવ જ સ્કૂલબોય ઇંગ્લિશ છે!'

નિવારને કહ્યું, 'એ અંગ્રેજી આપ સહેલાઈથી જ બદલી નાખી શકત. બુદ્ધદેવ બસુએ લખ્યું છે કે આપે એ બંનેનાં નાટક લીધાં નહીં. પણ એ પછી જ, એ જ વિષય લઈને 'સુવર્ણલંકા' અને 'માઈકલ' નાટકો થયાં છે નાટ્યનિકેતનમાં.'

શિશિરકુમાર જરાક ગરમ થઈ જઈને બોલ્યા, 'સાંભળ, પ્લે અને ડ્રામા એક નથી. એ સમજાવવા જતાં લાંબું લેક્ચર આપવું પડશે. જે બધા લેખકોને મંચની બાબતે કોઈ પણ દેખીતી આવડત નથી, તેઓ બહુ શોખથી પ્લે-રાઈટર થઈ શકે... તું મારી સામે ફરિયાદ કરે છે? કર. હું તો હારીને જ બેઠેલો છું.'

નિવારન ચક્રવર્તી જલદીથી બે કાન પર હાથ મૂકીને બોલ્યો, 'અરેરે, આપની સામે ફરિયાદ કરું, એવી શું લાયકાત છે મારી! બુદ્ધદેવ બસુના લખાણમાં જે વાંચ્યું છે... નાનપણમાં આપનો 'દિગ્વિજયી'નો અભિનય મેં જોયો છે. મારી આંખોમાં આપ હજી પણ દિગ્વિજયી છો! આપના તો અમે ઘણા જ ઋણી છીએ!'

શિશિરકુમાર બોલ્યા, 'ખુશામત! એ વસ્તુ દ્વારા મને ક્યારેય પણ નરમ કરી શકાય જ નહીં. હું જાતનું પ્રમાણ લઈ શકું છું. હું જાણું છું, હું બંગાળના દર્શકોની રુચિ વધારે ઊંચી કક્ષાની કરી શક્યો નહીં. ત્યાં જ છે મારી હાર. મેં

ઇચ્છ્યું હતું કે વિલાયતનું અનુકરણ નહીં કરતાં, આપણા થિયેટરને લઈ જઈશ પ્રથાગત જાતરાની પાસપાસે. હવે સાંભળું છું કે જાતરા જ થિયેટરની જ નકલ કરીને મંચ પર આવે છે.'

સત્યજિત બોલ્યા, 'આપ દર્શકોને તૈયાર કરી શક્યા નહીં, એ વાત સાચી નથી. આપના લાંબા સમયના પ્રયત્નોનું ફળ હવે મળી રહ્યું છે. હવે ગ્રુપ થિયેટરોમાં ઘણાં સૂક્ષ્મ વિષયોનાં નાટકો થાય છે. રવીન્દ્રનાથની રચનાઓ, બીજાં પણ નવાં એક્સ્પેરિમેન્ટલ નાટકો, એ બધું જ તો દર્શકોને ખેંચી લાવે છે. સાંભળ્યું છે કે પહેલાંના જમાનામાં નાટક જોવા આવીને અમુક વર્ગના લોકો નાચ, નાચ કરીને બૂમો પાડતા, સીટી વગાડતા, છોકરીઓ પ્રતિ ગંદા ઇશારા કરતા. અત્યારના દર્શકો એકદમ જુદા છે. ખૂબ જ ગ્રહણશીલ અને સજ્જન. આની પાછળ આપ બધાના પ્રયત્નોની વાત કોઈ પણ દિવસ ભૂલી શકાશે નહીં. જેઓ ક્રાંતિ શરૂ કરે છે, તેઓ પોતે ક્રાંતિના ફળ ચાખીને જવા પામતા નથી, એ તો પામે છે પછીના આવનારા....'

શિશિરકુમાર ધીરે ધીરે બોલ્યા, 'ક્રાંતિ હડપ કરી જાય છે એનાં જ પોતાનાં  ફરજંદ! કોને ખબર, થાય પણ ખરું તું કહે છે તેવું! રવીન્દ્રનાથે મને જોઈને 'અર્જુન' નામનું નાટક લખશે, એમ કહ્યું હતું, પણ અંતે તો એ લખવાનું બન્યું નહીં. હું થઈ ગયો કર્ણ. હું રહીશ નિષ્ફળના, હતાશના જૂથમાં.'

સત્યજિત રાય ઊભા થઈને બોલ્યા, 'આપને એક વાર પ્રણામ કરું?'

શિશિરકુમાર  બોલ્યા, 'કેમ? જ્યારે સૌપ્રથમ આ ઓરડામાં આવ્યો ત્યારે હાથ જોડીને નમસ્કાર કર્યા હતા. બ્રહ્મોસમાજવાળા બધાના પગને સ્પર્શ કરતા નથી. એ જ તો સારું છે.'

સત્યજિત બોલ્યા, 'અમે ગુરુજનોના પગને સ્પર્શીને પ્રણામ કરીએ છીએ. મારા મનમાં થાય છે, એક વાર આપના પગને સ્પર્શીશ તો હું જ ધન્ય થઈ જઈશ.'

શિશિરકુમાર પણ ઊભા થઈને બોલ્યા, 'તું આટલો પ્રતિભાસંપન્ન છે, તું આખા વિશ્વમાં બંગાળનું માન વધારીશ, તારે માટે અમે ગર્વિત થઈશું. તું મારા મિત્રનો દીકરો છે, તારું સ્થાન તો છે મારા હૃદયસરસું. આવ–'

બંને હાથ લંબાવીને ઉષ્માભેર એ ભેટ્યા સત્યજિતને. (સમાપ્ત)


*['નવનીત-સમર્પણ', ફેબ્રુઆરી ૨૦૧૮]*

લેખ

// હસમુખ ગાંધી

## તાંત્રિકોને અને બાવાઓને રાતદિવસ સચિત્ર પ્રસિદ્ધિ આપનાર વર્તમાનપત્રો અને તંત્રીઓ હવે પવન પ્રમાણે પીઠ ફેરવે છે, શાબ્બાશ

ઝીંઝકાવાળી તો સૌરાષ્ટ્રમાં જ બને. ઓખામંડળ વિસ્તારમાં સનાતન સેવામંડળ અને આશ્રમ ચલાવતા સ્વામી કેશવાનંદની અને તેમના પર્સનલ સેક્રેટરી રવીના ચોબેની ધરપકડ કરવામાં આવી છે તેથી સ્થાનિક લોકો અને અખબારો ખુશ છે, વિધિની વક્રતા તો જુઓ. કેશવાનંદની ગિરફતારી સંબંધમાં દારૂખાનાના ફટાકડા ફોડનાર ગ્રામજનો અને શબ્દોના ફૂલઝરો પેટાવતા પત્રકારો જ સ્વામી કેશવાનંદની મુખ્ય કૉન્સ્ટિટ્યૂઅન્સી જેવા હતા. ગુજરાતી અખબારોએ વર્ષો સુધી દોરાધાગા, મૂઠમાદળિયાં, વળગાડઉતાર, વહેમ અને અંધશ્રદ્ધાને પોષ્યાં છે. આ અખબારોએ વાંઝિયણ સ્ત્રીને બાળક અવતરે એવો મંત્ર અને એ માટેનું યંત્ર આપનાર ધુતારાઓની ચિક્કાર જાહેરખબરો છાપી છે. અલગારી અને અવૈજ્ઞાનિક સમાચારો આ જ અખબારો થોકબંધ છાપે છે. હવે આ જ દૈનિકો દિવસો સુધી કેશવાનંદને ટપલી મારતા અગ્રલેખો બહાદુરીપૂર્વક છાપશે. કેવી છલના. કેવી આત્મવંચના. કેવાં બેવડાં ધોરણો, પ્રથમ અંધશ્રદ્ધાળુ બેવકૂફ પબ્લિકને ખુશ કરવા માટે બાવાઓ, બાબાઓ, સાધુઓ, મહારાજો, આચાર્યો અને ભગવાનોને પ્રસિદ્ધિ આપવી. એ પછી પબ્લિક જ્યારે આવા ઢોંગીઓ સામે વીફરે ત્યારે પવન પ્રમાણે પૂંઠ ફેરવીને અવળાં વાજાં વગાડવાં. ગુજરાતી અને તેમાંય ખાસ કરીને કાઠિયાવાડી પ્રજાનું માનસ રોગિષ્ઠ છે. શિક્ષિત લોકો પણ આધાશીશી મટાડવા માટે બાબાઓનું મંત્રેલું પાણી પીએ છે. દરેક મૂંઝવણ અને મુશ્કેલી માટે તેઓ બાબાઓ અને તાંત્રિકો પાસેથી યંત્રો ખરીદે છે. પછડાટને લીધે ઢીંચણમાંનું બે હાડકાં વચ્ચેનું કાર્ટિલેજ ખરી પડે ત્યારે ઑર્થોપેડિક નિષ્ણાત પાસે જવાને બદલે લોકો ધુતારા અને ઊંટવૈદ જેવા હાડવૈદો પાસે જાય છે. તેઓ વિટામિનની ગોળી ખવડાવે છે, કચકચાવીને પાટો બાંધે છે અને ધક્કો મારીને તમને દાદરો ઉતારાવે છે. કેશવાનંદ



બિહારની એક યુનિવર્સિટીમાંથી સંસ્કૃત સાથે એમ.એ. થયેલા છે. તેઓ ૧૯૭૭માં દ્વારકા આવ્યા અને અઠે દ્વારકા કહીને તેઓ આ ફળદ્રુપ પ્રદેશમાં રોકાઈ પડ્યા. તેમણે જમીન લીધી, તેમણે આશ્રમ સ્થાપ્યો અને તેમણે કરોડોની સંપત્તિ જમા કરી. બિનગુજરાતી સાધુઓનું પણ વિશાળ ક્લાયન્ટેજ ગુજરાતીઓનું અને કાઠિયાવાડીઓનું જ છે. ઝીંઝકામાં માતાનો મઢ સ્થાપીને કોઈકે ધતિંગ કર્યું અને સ્ટૅમ્પેડમાં કૂડીબંધ અંધશ્રદ્ધાળુઓ મૃત્યુ પામ્યા. કોઈ પણ બાવો ધતિંગ કરે કે કાઠિયાવાડીઓ માનતા માનીને ત્યાં ધસી જાય છે. કેશવાનંદે ૧૭ વર્ષની તેમની લીલા દરમિયાન કમમાં કમ ૧૦૦ જેટલી કુમળી બાળાઓને અને દાધારંગી બાયડીઓને ફસાવી છે. હવે કેસ ચાલશે. દિવસો સુધી સમાજના નેતાઓ અને પત્રકારો હવે પ્રગતિશીલ મહોરું પહેરશે. હવે સમાજના કાર્યકરોની અને પત્રકારોની ગાડી પૂરપાટ રિવર્સમાં દોડશે. ૧૫૦ વર્ષ પૂર્વે સમાજસુધારક કરસનદાસ મૂળજીએ વડોદરામાં ગુસાંઈ સામે ઝુંબેશ ચલાવી હતી. એમાંથી વિખ્યાત મહારાજ લાઇબેલ કેસ ચાલ્યો હતો. શું જૈન ધર્મમાં કે શું વૈષ્ણવ ધર્મમાં આપણે અવારનવાર મુનિઓનાં અને લાલજીઓનાં પરાક્રમો સાંભળીએ છીએ. આજે ઓરિજિનલ ગૉડ્ઝ (કૃષ્ણ, રામ, શંકર, મહાવીર, બુદ્ધ, ઈશુ) કરતાં ફૂટકળિયાં દેવલાં, માતાજીઓ અને તેમના એજન્ટોની બોલબાલા છે. આ બાબાઓ અને બાવાઓ ઇન્સ્ટન્ટ લાભ અપાવે છે એવી એક બોગસ માન્યતા છે. અંગ્રેજોએ આપણને પ્રગતિશીલ અને લિબરલ શિક્ષણ આપ્યું. પરંતુ આપણું લોહી જ અંધશ્રદ્ધાળુ છે. બિલાડી આડી ઊતરે ત્યારે ભલભલા શિક્ષિતોના હાંજા ગગડી જાય છે. કોઈ ત્રણ છીંક ખાય ત્યારે તેનો ગોદો મારીને પરાણે ચોથી કાચી છીંક ખવડાવી દેવામાં આવે છે. ગરોળી ડાબે ખભે પડે તો શું થાય અને જમણા ઉપર પડે તો શું થાય એનું આખું શાસ્ત્ર છે. હજી દક્ષિણ ગુજરાતના લોકોની મઢીની ઊકળતી દાળ ઊતરી જાય કે બેસ્વાદ બની જાય ત્યારે બાપડા ડાંગી દૂબળા નોકરનું આવી બને છે. એ દૂબળો છે જ બહુ એવો, એની આંખો જ જુઓને. દાળ ઉપર એ દૂબળાની નજર લાગી છે. બિચ્ચારો દૂબળો. અંધશ્રદ્ધાળુએ જ સંતોષી માતાને ઇન્વેન્ટ કરી છે. અધ્યાપકો પણ હવે તો સંતોષી માના શુક્કરવાર કરે છે. અનેક ગુજરાતીઓ કોઈક નહીં ને કોઈક ગ્રહને રીઝવવા માટે સોમ, મંગળ, ગુરુ કે શનિવાર કરે છે. અનુસ્નાતક વિદ્યાર્થીઓ પણ ઉત્તરવહીને મથાળે ઓમ્ લખે છે અને પત્રકારો રિપોર્ટને કે અગ્રલેખને મથાળે શ્રીજી લખે છે. જમ્મુ પાસે કતરાની નજીક આવેલા વૈષ્ણોદેવીના મંદિરમાં ઊંચા પહાડ ચઢીને હરિયાણવીથી માંડીને બિહારી સુધીના લોકો દર્શનાર્થે આવે છે. ત્યાં એક આખો ધર્મઉદ્યોગ (કૅસેટો, ચૂંદડીઓ, સાકરિયા-ચણા વગેરે) જામી ગયો છે. દ્વારકામાં અને બેટ દ્વારકામાં ધર્મનું બહુ મહત્ત્વ છે. અહીં બાવાઓના અડ્ડા છે. ભારતભરમાં જેટલા બાવાસાધુ છે એના ત્રીજા ભાગના ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં છે. સામાન્ય રીતે ચંદ્રશેખરોની અને ચંદ્રાસ્વામીઓની એક ધરી હોય છે. પૉલિટિશિયનો, સરકારી અમલદારો, ધર્મગુરુઓ અને સમાજ નેતાઓ વચ્ચે પાકી દોસ્તી હોય છે. દ્વારકાના કિસ્સામાં, સદ્ભાગ્યે, જામનગર જિલ્લાના

પોલીસવડા પ્રમોદકુમાર ઝાએ પ્રગતિશીલ અભિગમ લીધો છે. યંત્રોની અને તંત્રોની અને તાંત્રિકોની જાહેરખબરો છાપવા ઉપર પ્રતિબંધ છે પરંતુ ખોવાઈ ગયેલો પુત્ર પાછો મેળવી આપવાનો, પુત્રવિહીન સ્ત્રીને પુત્ર જન્માવી આપવાનો, ધંધામાં બરકત લાવી આપવાનો, હિતશત્રુને ખતમ કરવાનો તથા પ્રેયસીને વશીકરણ દ્વારા વશ કરી આપવાનો ઠેકો લેનારા જ્યોતિષીઓની અને તાંત્રિકોની ધૂમ જાહેરખબરો ગુજરાતી દૈનિકોમાં છપાય છે. દરેક મુસીબત માટે તાંત્રિકો માદળિયાંની અને યંત્રોની ઑફર કરે છે. આ દરેક યંત્રનું અને દરેક જડીબુટ્ટીનું એકેક સ્પેશિયલ નામ હોય છે. ગ્રામીણ અને અશિક્ષિત સ્ત્રીઓને આવા ઢોંગી સાધુઓ ઍક્સ્પ્લોઇટ કરે છે. આજની અંધશ્રદ્ધા જોઈએ ત્યારે આપણને નર્મદથી માંડીને કરસનદાસ મૂળજી તથા રમણભાઈ નીલકંઠ (ઑફ ભદ્રંભદ્ર ફેમ) જેવા સમાજસુધારકો પ્રત્યે માન થયા વિના ન રહે. એ જમાનામાં નર્મદા નદી ઉપર પુલ બંધાયો અને તેની ઉપરથી પ્રથમ ટ્રેન પસાર થઈ ત્યારે લોકો ભેગા થયેલા : આ કાળા રાક્ષસને (એન્જિનને), જોજોને, માતાજી ભરખી જશે. એન્જિને તો ટ્રેનને પણ પુલ ક્રૉસ કરાવી દીધો એટલે લોકોએ એન્જિનને હારતોરા કર્યા અને તેને મોટો દેવ માનીને તેની સમક્ષ નાળિયરો વધેર્યાં. એ જમાનામાં કોઈકે સૌને પત્રો લખ્યા કે ફલાણે દિવસે સવારે નવ વાગ્યે પ્રલય થશે. સૌ કોઈ જૂનું પંચિયું પહેરીને સવારના સાત વાગ્યાથી ઓટલા ઉપર બેસી ગયા. ઘડિયાળમાં નવ વાગ્યા, દસ વાગ્યા, ૧૧ વાગ્યા પણ તેઓ હજીય એમ માનવાને તૈયાર ન હતા કે પ્રલય હમણાં નહીં જ થાય. લોકો ૧૫૦ વર્ષ પહેલાં હતા એવા જ છે. જવાહરલાલ નહેરુએ લોકોને સાયન્ટિફિક ટૅમ્પર શીખવવાનો પ્રયાસ કર્યો પણ તેમની વિખ્યાત દીકરીએ અખાની જાણીતી પંક્તિની જેમ (એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ, પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન) અંધશ્રદ્ધામાં ઝુકાવ્યું. અલબત્ત, વોટ કાજે. પ્રધાનો અને આઈ.એ.એસ. અમલદારો ઑફિસના પોતાના કમરામાં અચૂક સત્ય સાંઈબાબાનો ફોટો રાખે છે. પ્રધાનો સત્તા ઉપર ટકી રહેવા કાજે અવારનવાર યજ્ઞો અને જાપ કરાવે છે. દિલ્હીમાં તાંત્રિકોની મોટી ફોજ છે. આ રાજકારણીઓ આપણને જરૂર ડુબાડવાના. મોટા ભાગના બાબાઓ, બાવાઓ, આચાર્યો, બાપુઓ, શાસ્ત્રીઓ, ભગવાનો, સંતો અને મુનિઓ જે પ્રવચનો આપે છે તે એકદમ પછાત, બુદ્ધિહીન અને ચાલુ વ્યાખ્યાનો હોય છે. અધૂરું હતું તે હવે કેબલ ટીવી ઉપર આવા અભણ બાવાઓનાં અલેલટપ્પુ વ્યાખ્યાનો આપવાનું શરૂ થયું છે. જે સમાજમાં તંત્રીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, ઇજનેરો, તબીબો અને અધ્યાપકો સવારથી સાંજ સુધી પંચમુખી રુદ્રાક્ષની અને સાકરિયા ચણાના પ્રસાદની અને સાધુસંન્યાસીઓનાં ચરણોની ખોજમાં ભટકતા હોય એ રુગ્ણ સમાજમાં કેશવાનંદજીઓ શાના ભૂખે મરે?

દ્વારકામાં હવે નાટક ભજવાઈ રહ્યું છે. આનું નામ તે મૉબોક્રસી. ટોળાની સાઇકોલૉજી અજીબ હોય છે. વર્લ્ડ કપ જીતી આવનારી ક્રિકેટ ટીમના સભ્યોને લોકો સહારા વિમાનીમથકે પોતાને ખભે બેસાડે છે. એ જ ટીમ હારીને આવે ત્યારે લોકો તેની છબિઓ ફરતો ખાસડાંનો

હાર પહેરાવે છે. હવે ઓખામંડળની પબ્લિકમાં જ્યારે કેશવાનંદવિરોધી મોજું ફરી વળ્યું છે ત્યારે પત્રકારો અને સમાજસેવકો સફાળા જાગ્યા છે. બળાત્કારના ૧૦૦ જેટલા કિસ્સા શું રાતોરાત બન્યા હતા? ૧૭ વર્ષ સુધી કેમ કોઈ હહળ્યું પણ નહીં? વશીકરણ, મૂઠ, મેલી વિદ્યા અને વળગાડમાં મોટા ભાગના સૌરાષ્ટ્રીઓને હજીય શ્રદ્ધા છે. પદ્માવતીયંત્ર, વીર ઘંટાકર્ણયંત્ર, લક્ષ્મી ગણેશયંત્ર, કાર્તવીર્ય અર્જુનયંત્ર, કુબેરયંત્ર, કાળસર્પયંત્ર, માતંગીયંત્ર, મોહિની મોહનયંત્ર વગેરે યંત્રોની જાહેરખબરોથી ગુજરાતી છાપાંઓ ફાટી પડે છે. આવાં યંત્રો માટે વિશાળ ક્લાયન્ટેજ હોવું જોઈએ. ધર્મને અને મંત્રતંત્રને નામે બહુધા ગોરખધંધાઓ ચાલે છે. શ્રીમંતોમાં અને રાજકારણીઓમાં તો ફૅમિલી સંત કે તાંત્રિક રાખવાની ફૅશન થઈ પડી છે. જરીક સ્માર્ટ અને લગીર વાચાળ સાધુ ગમેતેમ ફેંકાફેંક કરે છે ત્યારે ગુજરાતીઓ તેને હીરો બનાવી દે છે. શહેરમાં માણસને અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિ આવે છે. બુદ્ધિપૂર્વક કે કળ વડે પોતાની સમસ્યાને ઉકેલવાને બદલે એ માનવી લાગલો જ નજૂમીઓ, જ્યોતિષીઓ અને તાંત્રિકો પાસે જાય છે. રાહુને રીઝવવા માટે હરિજનને કાળા અડદ તથા કાળા તલનું દાન કરવાની સલાહ આપીને તાંત્રિકો મોટી ફી પડાવે છે. તેઓ પોતાના ક્લાયન્ટની વતી જાપ કરી આપે છે. તેઓ રૂઠેલા ગ્રહોને રીઝવી આપે છે. તેઓ ગ્રાહકને લીલા કે લાલ કે જાંબૂડિયા રંગના પથ્થરોવાળી વીંટીઓ પહેરાવે છે. શત્રુને માત કે ચીત કરવા માટે લોકો આવા તાંત્રિકોની પાસે ટુચકાઓ કરાવે છે, ઘીવાળી વાટને તેઓ છુટ્ટી ભીંત પર ફેંકીને ત્યાં એને ઊભી રાખે છે, તેઓ અડદનાં પૂતળાં દાટી આપે છે, ભૂવાઓ નિર્દોષ વ્યક્તિઓને ગાલે ચંપલો મારી મારીને ભૂતને ભગાવે છે. જો, ગયું, જો, ઊડી ગયું, જો, પેલ્લે છાપરે જઈને બેઠું. શું? ભૂત. કોઈને વળી ચુડેલ વળગી હોય છે. અસલામતીથી પીડાતા અને વેજિટેબલ જેવા લોકો તરણું ઝાલતા હોય છે. આવા લાચાર, નિઃસહાય લોકો ધુતારાઓના શિકાર બને છે. સ્વામી કેશવાનંદ વકરી ગયા તેમાં શિક્ષિતોનો અને અખબારોનો ફાળો નાનોસૂનો નથી.

*[લેખ તા. ૨-૬-૧૯૯૪; 'મારા મનગમતા તંત્રીલેખો : હસમુખ ગાંધી',*
*સંપાદક દિવ્યાંગ શુક્લ, ૨૦૧૧-માંથી]*

# ઘટમાં ઝાલર બાજે

## // ઊજમશી પરમાર

ઝીણી ઝીણી ઝાલર ઘટમાં બાજે ઘડી ઘડી,
દુનિયા આખી આજ અનોખા લયની મેડી ચડી.

પગલું મેલ્યે ધરતી ધબકે, ઉરના ઢોલ ધડૂકે,
અંધારેયે આંખ માંડતાં શત શત વીજ ઝબૂકે;
ધોમ ધખે ત્યાં અમી તણી આ વરસી ક્યાંથી ઝડી?

વણદેખી કેડીનાં કામણ કિયે મુલક લઈ જાતાં,
ચડી હિંડોળે વળતાં વ્હાણાં પંચમ સૂરે ગાતાં,
સાવ અજાણી આંખેથી મધઝરતી ભાષા જડી!

*['ગુજરાતી કવિતાચયન - ૧૯૯૬', સંપા. નરોત્તમ પલાણ, ૧૯૯૭]*

રેખાચિત્ર




# શહેરની શેરી

## // જયંતિ દલાલ

દિવસના હરેક કલાકની હરેક પળે અહીં કોઈ ને કોઈ અવાજ હાજર હોય છે. સાપેક્ષત્વના કશા અજબ કાનૂન જેમ અહીં જીવનના કોઈ પણ આવિષ્કારને, પહેલાં તો અવાજમાં અવતાર ધારવો પડે છે. અવાજના ખોળિયામાં આત્મા મૂકીને જ ચેતના જન્મ ધારી શકે છે.

અને એ અવાજ—

સાઈકલની ઘંટડી સાથે દૂધવાળાની બૂમ આવે છે. જીવતરના એક વધુ દિવસને ટોકતો મંદિર-દેરાનો ઘંટ વાગે છે. કોડિયાના આછા અજવાળે, કાચા ધાનને આરોગતી ઘંટી, ચાવણાની ચર્‌ર્‌ર્ ભર્‌ર્‌ર્ કરતી રહે છે. કુદરતે ઓછી ઊંઘ આપી કરેલા ઉપકારના સ્વીકાર જેવાં પ્રભાતિયાં જાડા-ઝીણા, સૂરીલા-બેસૂરા ગળામાં ઘૂંટાય છે. ચીમનીની ચીસ પહેલાં મિલે પહોંચવા મથનારાં ગળાં સાફ કરતાં હોય છે. આછા અવાજની પ્રાથમિક દશામાં ગળફો ફેંકી દઈ, આરામ અનુભવતા હૈડિયાનો છૂટકારાનો દમ ભક્ષ મેળવી પાણીમાં સરી પડતા પાણીના સાપની સળવળ જેવો તીવ્ર લાગે છે. પ્રાઈમસ અવાજે કરે છે અને ચિત્રવિચિત્ર અજવાળું ય પાથરે છે. અડિયલ લાકડાને અડિખમ હૈયાનો શ્વાસ પહોંચાડતી વાંસની ભૂંગળી ય અવાજ કરી લે છે. જાગી પડેલું છોકરું બાને પોકારે છે, અને ‘જરી જંપતું ય નથી’ એવી ફરિયાદ સાંભળી કોકવાર સભાન છાનું બની ઊંઘી ય જાય છે. ચાટમાં દૂધવાળાએ નાખેલા દૂધમાં લઘુમતી-બહુમતીથી સંખ્યાની તડજોડ કરતાં કૂતરાં ય આખડી પડે છે. અવસ્થા પ્રમાણે બારણાં કચૂડથી માંડી ખડખડ સુધીનો રવ ગજાવી જાય છે. સ્વરાજસવારીની નોબત પુકારતો નળ પાણી આવતાં પહેલાં કંજૂસના દાન જેવો ઘૂઘવાટ કરે છે. ઠાલાં વાસણોમાં વેરાતી જલધારા, કોડભરી મુગ્ધા કોક મર્કટના પનારે પડતાં કરે એવી હાયવોય કરે છે. દાદરાનાં પાટિયાં રાતની નીંદ લઈ ઊઠતાં હઠીલાં છોકરાં જેમ ચિચિયારી કરે છે.




અને એકદમ, ટપકે નીતરતું પાણી અચાનક ગંગા-જમુનાનો પ્રવાહ બને એમ, ઘણાં ગળાંમાંથી ઘૂંટાતો સાદ, શબ્દરૂપે અસ્પષ્ટ છતાં અવાજરૂપે સુસ્પષ્ટ બને છે. ઊઘડેલી ઉષામાં

અચાનક જ પલટો આવે છે. આકાશે સૂરજ નવા દિવસની મજલ કાપવા કૂદકો મારી આવી પહોંચે છે. અહીં અવાજના ક્ષેત્રમાં, વિસ્તારમાં, ઊંડાણમાં પલટો આવે છે.

ઓટલે ઓટલેથી ગળું મોં સાફ કરવાના અવાજ આવે છે. લીંપણ, પથ્થર, લાદી, સહુ પોતાની જડતા પ્રમાણે અને વાળનારના હૈયાની કુણાશ પ્રમાણે, દાભના કે ખજૂરીના ઝાડુ સાથેના સનાતન ઝઘડાને સવાક્ રજૂ કરે છે. કોક ને કોક ઠેકાણે તો પ્યાલો, રકાબી, બુઝારુ, ડબ્બો, ચમચો, ડોલ જમીન પર પછડાય છે અને ધરતીની અહિંસાના ધોરણે અવાજ કરે છે. જીવનસંગ્રામના પાણીપત પર, દિવસ પૂરતાં, પહેલાં પગલાં ક્યાંક વેઠનો, ક્યાંક કઠોરતાનો અને ક્વચિત જ સંતોષનો પડઘો પાડે છે. ફરમાશના છૂટતા હુકમોમાં ક્યારેક બગાવતનો અવાજ ભળે છે. દહીંના મૂલ બતાવતી મહિયારી પૂરા લાલિત્યથી 'દહીં લેવું છે ય દહીં' ઉચ્ચારે છે. કમને મીઠી ઊંઘ છોડી જાગેલા બટુઓ મોટે ઘાંટે વાંચવા-લખવા-ગોખવાનું શરૂ કરે છે. છાપાંવાળો સનસની ખબરો બોલવા સાથે જ એનાં છાપાંની કીમત પણ જણાવતો જાય છે. સડક પર એ રાજદ્વારી ખબર આપે છે. અહીં એ ખૂણેખાંચરે છપાયેલી કશા કજોડાની, કશી ધાડની, કોક ખૂનની અને ખાસ કરીને કોક સ્ત્રીની આસપાસ વણાયેલી વાતનું ભભકભર્યું, ગલીપચી કરતું, મથાળું બોલે છે. અને થોડીક જ ક્ષણમાં મંદિરની આરતી જેમ છાપું ઓટલે ઓટલે ઘૂમી વળે છે. સ્ફુટ અને અસ્ફુટ અવાજે તાજો ફિચરનો આંક વેચાય છે, ઘુંટાય છે, ગોખાય છે.

માલિકની મનઃસ્થિતિ પ્રમાણે સાઈકલ પર ઝપટાતું કે લપેટાતું ઝાટકણું મર્મર કરી જાય છે. આજ્ઞાંકિત બાળક જેમ બહાર નીકળતાં પહેલાં સાયકલની ઘંટડી ક્યાંક અવાજ કરી રજા લઈ જાય છે. નવા દિવસનું રુદન આરંભાતા જોડામાં જરાક ઘૂંટાયેલો અવાજ જણાય છે, તો ચટચટ કરતી ચંપલ થોડી આછકલઈ સાથે અગંભીર વૃત્તિ ભેળવે છે.

ઘરનાં વાસણો એકસામટાં ઘર બહાર ઠલવાતાં કર્કશ વાણી બોલી જાય છે. વાસણમાં ઘસાતા કૂચડા, વાસણ પર બરછટ હાથે ફરતી રેતી, રાખ કે ઈંટની ભૂકલી, શ્રોતાની સાનુકૂળતા મુજબ અવાજ કાઢે છે. અને એમાં નવા દિવસે મંડાતી જૂની વાતનો લહેકો ભળે છે. ફરિયાદ કે નિરાશાના મલ્હાર સાથે, ઔત્સુક્યના ખમાજ અને બિહાગ તાણેવાણે ગોઠવાય છે અને સંગીતની કોક અજબ સૂઝ જેમ એમાં એક બાજુથી પ્રાર્થનાનો કલ્યાણ મળે છે તો બીજી બાજુથી આર્જવતાભર્યા , દયા પ્રેરતા તોડીના સૂર પણ પુરાવાય છે. ટેલિયા ભટ કે સાંઈમૌલાની મોહતાજીને ય નિજનો અનોખો અવાજ છે. મોસમનાં શાકપાંદડાંની વેચનારીનો લહેકાબંધ લંબાયેલો સૂર શેરીના ખૂણે ખૂણે ગાજે છે. સ્વચ્છતાના પાઠ શીખવવા નીકળેલો કલાઈ કરનારો 'કલાઈ' 'કલાઈ'નો નાદ જગાવે છે. મુકાદમની પહેલી નજર પડે તે ભાગને વાળી ઝૂડી સાફ કરી નિવૃત્ત બનેલો સુધરાઈનો સાવરણો સડકના મેલ ઊતરડતાં ચીંચીં કરી જાય છે.

કોક ખૂણેથી ઉગ્ર શબ્દો આવે છે : "ક્યાંથી સવારના પોરમાં જીવ લેવા આવી પહોંચ્યા છો!" અને કડવાશભર્યો જવાબ : ‘એવું લાગતું હોય તો લેણા પૈસા શા સારું ચૂકવી નથી દેતા! મિજાજ તો પાછો મોટા ગવંડર જેટલો! દેવાના તો દાસ રહેવું જોઈએ!" શિખામણ, ઉઘરાણી, દાંડાઈ, નમનતાઈ સહુ કશી ભાતીગર નકશીએ વણાય છે. સાબદા કાને પ્રેરેલા ગરદનના મરડાટ, સંતોષના મલકાટ, કે નાખુશીના વલવલાટ સહુ નિરનિરાળા અવાજ ધારી કાને અથડાય છે.

અને ગાનારો રાગ તાલ બદલે એમ શેરીનું સંગીત પણ હવે રાગ તાલ બદલે છે. હવેના ત્રણચાર કલાક માટે ધોકણું તાલ સાચવે છે : ધબ, ધબ, ધબાધબ. અત્યાર લગી સમૂહજીવનનો પહેલો ભડકો સળગી ન ચૂક્યો હોય તો અત્યારે એને પહેલો ઉચ્ચાર  લાધે છે. લગભગ અચૂક ક્યાંક તડતડતા ચાર છાંટા, અવાજનો એક વડવાનળ જગાવી જાય છે. શબ્દમાં રસ સાંભળ્યો છે, શબ્દમાં ઘાટ કલ્પી શકાય છે, પણ શબ્દમાં રંગીનતા અત્યારે અને અહીં જોવામાં આવે છે. ફરિયાદી, આરોપી અને ન્યાયાધીશ સહુની ભૂમિકા એકસાથે ભજવનાર નટની અનેરી અદાથી, હરેક આદમી અત્યારે કાકલૂદી, કરુણા, ઉદ્દંડાઈ કે તાટસ્થ્યના ભાવને વાચા દે છે : ધબ, ધબ, ધબાધબ.

વંશાવળી ગવાય છે. બિરદાવલી અનેક જીભે ઉચ્ચારાય છે. શબ્દની શક્તિનું પરિમાણ જાણે અત્યારે તવાતું જણાય છે. ઉગ્ર શબ્દો સાથે બી ઊઠેલા બાળકોનું રુદન ભળે છે. કોઈ દાધારંગી વાતુડિયણની દાળ ચુલામાં પડી પડી સિત્કાર કરે છે. રસ્તે જતાં વાટડાહ્યાના સાન્તવનના શબ્દો ઘામાં મીઠું ભેળવે છે. વધુ અવાજ, નવી બિરદાવલી : ધબ, ધબ, ધબાધબ.

અને જાગ્યા હતા એમ અવાજ અધૂકડા અણધાર્યા શમી જાય છે. ઘંટારવને સ્થાને ઝીણી મર્મર આવે છે. મીઠામરચાંથી માંડી પ્રાઈમસની પીન અને બટબોરિયાં લગીનાં નારા ખૂણે ખૂણે પડઘા પાડે છે. નજર ચુકાવી ભાગેલા બટુઓ સમયસરની રમતો રમતાં ઘાંટા પાડતા હોય છે.

*[‘શહેરની શેરી’,૧૯૪૮-માંથી]*

## ઝૂક્યું હતું

// હર્ષ બ્રહ્મભટ્ટ

મારું હોવું એમને ખૂંચ્યું હતું,
તોય અમને 'કેમ છો?' પૂછ્યું હતું.

શૂન્ય લાખો એના ઉત્તરમાં મળ્યાં,
તેં હૃદય શેના વડે ગુણ્યું હતું?

એ ઊભું જો હોય તો શું ના કરે?
જે સૂતાં સૂતાંય પણ ઝૂક્યું હતું!

ના ઉડાયું સૌની માફક મુક્ત થઈ,
તેં વજન બહુ પાંખ પર મૂક્યું હતું.

ઓરડા અંદરના જેના ખાલી છે,
દ્વાર માફક એ જ તો ખૂલ્યું હતું.

ચાંચિયાની હાય એને લાગશે,
વ્હાણ કાંઠે જેમનું ડૂબ્યું હતું.

*['પરબ',ફેબ્રુઆરી ૨૦૧૮]*

# એકત્ર ઈ-બુક્સ

## ગુજરાતીનાં સ્મરણીય પુસ્તકોની
## રમ્ય અને સંતર્પક ઈ-બુક શ્રેણી

### પ્રકાશિત

અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ । નારાયણ દેસાઈ
અપરાજિતા । પ્રીતિ સેનગુપ્તા
અમાસના તારા । કિશનસિંહ ચાવડા
અમૃતા । રઘુવીર ચૌધરી
અરધી સદીની વાચનયાત્રા - ૧- ૪ । સં. મહેન્દ્ર મેઘાણી
અલગારી રખડપટ્ટી । રસિક ઝવેરી
અશ્રુઘર । રાવજી પટેલ
આપણો ઘડીક સંગ । દિગીશ મહેતા
કંકાવટી । ઝવેરચંદ મેઘાણી
કુરબાનીની કથાઓ । ઝવેરચંદ મેઘાણી
ખરા બપોર । જયંત ખત્રી
ખાંભીઓ જુહારું છું । ઝવેરચંદ મેઘાણી
ગાંધીજીની જીવનયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
ગિજુભાઈની બાળવાર્તાઓ । ગિજુભાઈ બધેકા
ગીતામંથન । કિશોરલાલ મશરૂવાળા
જનાન્તિકે । સુરેશ જોશી
જીવનનું પરોઢ । પ્રભુદાસ ગાંધી
જેલ ઓફિસની બારી । ઝવેરચંદ મેઘાણી
તિબેટના ભીતરમાં । સં. મહેન્દ્ર મેઘાણી
ત્યારે કરીશું શું? । લિયો ટોલ્સટોય
દિવ્યચક્ષુ । રમણલાલ વ. દેસાઈ
પદ્મિની । કૃષ્ણલાલ શ્રીધરાણી
પૂર્વાલાપ । કાન્ત - મણિશંકર રત્નજી ભટ્ટ
બાપુની છબી । કાકા કાલેલકર
બારીબહાર । પ્રહલાદ પારેખ
ભજનાંજલિ । કાકા કાલેલકર
ભારેલો અગ્નિ । રમણલાલ વ. દેસાઈ
ભવનું ભાતું । સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી । મનુભાઈ પંચોળી
મારા ગાંધીબાપુ । ઉમાશંકર જોશી
મારી હકીકત । નર્મદ
મોરનાં ઈંડાં । કૃષ્ણલાલ શ્રીધરાણી
રખડુ ટોળી । ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ । નગીનદાસ પારેખ
વાચનયાત્રાનો પ્રસાદ । સં. મહેન્દ્ર મેઘાણી
વિદિશા । ભોળાભાઈ પટેલ
દ્વિરેફની વાતો - ભાગ ૧ । રામનારાયણ વિશ્વનાથ પાઠક
વેવિશાળ । ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું । મનુભાઈ પંચોળી
શું શું સાથે લઈ જઈશ હું? । સં. મહેન્દ્ર મેઘાણી
સત્યના પ્રયોગો । મોહનદાસ કરમચંદ ગાંધી
સરસ્વતીચંદ્ર - ભાગ - ૧ । ગોવર્ધનરામ ત્રિપાઠી
સર્વોદય । મોહનદાસ ગાંધી
સાત વિચારયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
હાસ્ય-માળાનાં મોતી । સં. મહેન્દ્ર મેઘાણી
હિંદ સ્વરાજ । મોહનદાસ ગાંધી
અવતરણ । સં. રમણ સોની
સમુડી । યોગેશ જોશી

**સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – શ્રેણી**

ઇદમ્ સર્વમ્ (નિબન્ધ) । સુરેશ જોષી
અહો બત કિમ્ આશ્ચર્યમ્ ( નિબન્ધ) । સુરેશ જોષી
રમ્યાણિ વીક્ષ્ય (નિબન્ધ) । સુરેશ જોષી
પ્રથમ પુરુષ એકવચન (નિબન્ધ) । સુરેશ જોષી
ઇતિ મે મતિ (નિબન્ધ) । સુરેશ જોષી
પશ્યન્તિ ( નિબન્ધ) । સુરેશ જોષી
વિદ્યાવિનાશને માર્ગે (નિબન્ધ) । સુરેશ જોષી
આત્મનેપદી ( નિબન્ધ) । સુરેશ જોષી
પ્રત્યંચા (કાવ્ય) । સુરેશ જોષી
ઇતરા (કાવ્ય) । સુરેશ જોષી
તથાપિ (કાવ્ય) । સુરેશ જોષી
પરકીયા (કાવ્ય) । સુરેશ જોષી
ઉપજાતિ (કાવ્ય) । સુરેશ જોષી
ગૃહપ્રવેશ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
બીજી થોડીક (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
અપિ ચ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
ન તત્ર સૂર્યો ભાતિ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
એકદા નૈમિષારણ્યે (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
વિદુલા (નવલકથા) । સુરેશ જોષી
કથાચક્ર (નવલકથા) । સુરેશ જોષી
છિન્નપત્ર (નવલકથા) । સુરેશ જોષી
મરણોત્તર (નવલકથા) । સુરેશ જોષી
કિંચિત્ (વિવેચન) । સુરેશ જોષી
ગુજરાતી કવિતાનો આસ્વાદ (વિવેચન) । સુરેશ જોષી
કથોપકથન (વિવેચન) । સુરેશ જોષી
કાવ્યચર્ચા (વિવેચન) । સુરેશ જોષી
શૃણ્વન્તુ (વિવેચન) । સુરેશ જોષી
અરણ્યરુદન (વિવેચન) । સુરેશ જોષી
ચિન્તયામિ મનસા (વિવેચન) । સુરેશ જોષી
અષ્ટમોઅધ્યાય (વિવેચન) । સુરેશ જોષી


### પ્રકાશ્ય

અરૂપસાગરે રૂપરતન । યજ્ઞેશ દવે
સરસ્વતીચંદ્ર - ભાગ - ૨, ૩, ૪ । ગોવર્ધનરામ ત્રિપાઠી

**www.ekatrafoundation.org અને ekatra.pressbooks.pub**

**ઉપર ક્લીક કરતાં જ પુસ્તકોની આ રમ્ય ને સંતર્પક દુનિયામાં પ્રવેશ કરી શકાશે.**


# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ



## લેખક પરિચય : રમણ સોની

ચાર દાયકા સુધી ગુજરાતી ભાષા-સાહિત્યનું અધ્યાપન કરીને વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયેલા રમણ સોની (જ. 1946) ગુજરાતીના વિવેચક, નિબંધકાર, અનુવાદક, સંશોધક અને સંપાદક છે. ગુજરાતી વિવેચનના વિશેષો અને વિલક્ષણતાઓ પર એ સતત નજર રાખતા રહ્યા છે. કવિ-વિવેચક ઉશનસ્ પરના શોધનિબંધ પછી એમના વિવેચનસંદર્ભ, સાભિપ્રાય, સમક્ષ, મથવું ન મિથ્યા તથા ગિરિધરો અને પિચ્છધરોની વચ્ચે – એવા વિવેચન-ગ્રંથોમાં વસ્તુના નક્કર સ્પર્શ વાળાં વિવેચન-લખાણો એમની પાસેથી પ્રાપ્ત થયાં છે. મરમાળી અભિવ્યિક્તથી નિ:સંકોચપણે નિર્ભિક વિવેચન કરવા છતાં વિવેચનમાં એમનો મૂળ અભિગમ તટસ્થ, વિધાયક અને ઇતિહાસલક્ષી રહ્યો છે. જેની 16 આવૃત્તિઓ થઈ છે એ તોત્તોચાન, ઉપરાંત અમેરિકા છે ને છે જ નહીં જેવા સુબોધ અનુવાદગ્રંથો; વલ્તાવાને કિનારે જેવું લાક્ષણિક પ્રવાસ-પુસ્તક; સાત અંગ, આઠ અંગ અને– જેવો હાસ્યનિબંધ સંગ્રહ સર્જકતાનો સ્પર્શ આપનારાં છે. એમણે કરેલાં અનેકવિધ અભ્યાસશીલ સંપાદનોમાં શાસ્ત્રીયતા અને વિવેચકની સજ્જતાનો સુમેળ છે. પ્રત્યક્ષ જેવા પુસ્તક-સમીક્ષાના સામયિકને અઢી દાયકા સુધી સંપાદિત કરીને સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રે સંપાદક તરીકે એમણે અમીટ છાપ પાડી છે. નેપથ્યેથી પ્રકાશવતુર્ળમાં તેમ જ અવલોકન-વિશ્વ જેવા ગ્રંથો પ્રત્યક્ષના ઉપક્રમે પ્રકાશિત કરીને એમણે વિવેચન-સંશોધન ક્ષેત્રે ગુજરાતી વિવેચનની આબોહવાને સતત સંચારિત કરી છે.

(પરિચય – કિશોર વ્યાસ)




## કૃતિ પરિચય : ‘અવતરણ’

આ પુસ્તક(2016)માં ઉત્તમ વિવેચકો, વિચક્ષણ વિચારકો અને પ્રતિભાવંત સર્જકોના વિવિધ વિષયો પરના વિચારઅંશો ઝિલાયેલા છે. એથી આ નાનું પુસ્તક ખૂબ સમૃદ્ધ બન્યું છે. આ વિચારોની પસંદગી તથા વિષયક્રમને આધારે ઇચ્છિત મુદ્દો શોધીને વાંચી શકવાની યોજના આ સંગ્રહને વિશિષ્ટ બનાવે છે. એક બીજા અર્થમાં આ સંપાદન મુક્ત સંચય છે. એથી નિજાનંદે કોઈપણ પાનું ખોલીને કોઈપણ વિચારને માણવાની અહીં સગવડ છે. વૈવિધ્ય અને વ્યાપ એકસાથે રજૂ થયાં હોવાથી વિવેચન અને વિચારનું એક ગતિશીલ ચિત્ર અહીં પ્રાપ્ત થાય છે.

વળી દરેક પાને તે તે વિચારના લેખક, એ અંશ જેમાંથી લીધેલો છે એ પુસ્તકનું નામ, પ્રકાશન વર્ષ – જેવી વિગતો નોંધેલી હોવાથી વધુ જિજ્ઞાસુ અભ્યાસીને મૂળ ગ્રંથ સુધી જવાની સગવડ પણ મળે છે. પુસ્તકને અંતે આપેલી લેખક-અનુવાદકોની અને ગ્રંથ-સામયિકોની સૂચિ વાચકને સહાયક બને એવી છે. આ પુસ્તક સંપાદનની શાસ્ત્રીયતાનું અને સંપાદકની સજ્જતાનું નિદર્શન આપે છે. પુસ્તકની મુદ્રણ-સજાવટ પણ કલાત્મક છે.

(પરિચય – કિશોર વ્યાસ)

https://ekatra.pressbooks.pub/avataran/

### વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર આવરણ (cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**